ENGLISH CONVERSATION.

1924

ENGLISH CONVERSATION.

ઇંગ્લીશ કૉન્વરસેશન.

(અંગ્રેજીમાં વાતચીત કરતાં શીખવનારૂં પુસ્તક)

1924

As 8 આઠ આના

PRINTED BY BHADRASHANKER MANCHHARAM BHATT
AT THE KALAMAYA PRINTING WORKS, SURAT
PUBLISHED BY RAMANLAL CHHAGANLAL DALAL,
AT SHAHPORE, SURAT

PREFACE

This work has no claim to originality of design There are many such already in use, but there is need for many more selections from different points of view The compiler is quite aware of the objections that can be raised against the use of such books, but these are mainly based on their misuse or abuse in asking students to " cram " or learn ' by rote without understanding the peculiar construction or idiom of the language Unless sufficient control is obtained in conversation in a language, it can hardly be mastered for practical use Now-a-days there is increasing tendency to impart all instruction through the medium of one's Vernacular tongue Students have thus less occasion in class, of expressing themselves in English than they used to do a few years ago If English is gradually to shift to the present status of a " second language ' in schools, there is ground for genuine fears that it would be taught like " dead languages ' for cursory reading To counteract this tendency, teachers have to employ more time devoted to English for **Conversation** alone Such a practice requires good materials for profitable teaching else a teacher is at a loss to continue his course uninterrupted along a certain line, and unnecessarily exerts himself in thinking out new modes of talk, or fresh topics to engage the students without break

The teacher would thus find in Part I of this publication a store of miscellaneous topics in the form of questions He will not and need not expect the answers to be exactly as in the forms given in Part II These may vary In teaching English " Direct " it is always the ingenuity in asking a question that ensures good grasp by the responding students The teacher should utilise these questions with a view to draw out of students other and more original (but always correct and idiomatic) answers to certain questions He should see that students do not prepare answers printed in Part II as if quite stereotyped and invariable fixed replies Rather should he avoid the use of these guides till the students own efforts are tried and exhausted Part II will therefore serve like solutions given at the end of a text book in Arithmetic for final cheking, with the difference that answers may differ without being wrong

This work is designed for school as well as for youngsters at home desirous of acquiring a working-knowledge of the language It is, of course, not comprehensive and several more chapters can be added to utilise other topics of conversation In the meanwhile this should serve, in a cheaper form, the purpose of expensive conversation-charts sold by some publishers I wish I could add some pictures to show how an

entire course of talk can be carried on is centred on a single picture But this additional luxury had to be left over for better times, as I was afraid of the book proving expensive The teacher can however try and divert several questions in a given exercise to any suitable picture on the wall or in a text book or to a scene viewed by the students In all cases, care must be taken not to entrust students with "home-work" on any exercise, else cramming and partial digestion will be the result Each exercise should be taken up in class, answers to be obtained at first orally, then *to be transcribed in their copybooks, or on black board,* and finally answers given in Part II may be used for **comparison, correction** and **Standard use** Errors should then be pointed out from their written work without much grammatical technicalities Students should be discouraged from giving half-answers or broken bits of a clear reply Much depends upon his uttering a whole sentence **clearly and repeatedly** as often as is required of him to allow the "flow" of words smoothly Hesitating replies should be repeated Briefer answers than those given in Part II will of course do in daily practice later on But brevities at an early stage lead to incorrect expressions in "Syntax"

Boys must know not only a certain number of words as their vocabulary, but they should first of all

know how to "compose" or put them together, in an intelligible and correct form Brevities of expression should therefore hamper a student's progress in correct expression of sentences Sometimes Part II can be taken as basis of teachers' work and students may be asked to frame questions thereon Most of the Indian students know less of correct forms of a question rather than a mere "indicative" form So this reversal will be of great benefit both for positive as well as negative sentences Students may also form "commands" for practice in imperative sentences, based on forms given in Part II, or teachers may themselves convert questions of part I into such orders, and ask the student to reply, as if he is complying or declining

This is not the place for exhaustive suggestion, on 'conversation', but the few directions given above are meant to avoid the misuse of this work and consequent ill formed criticism, How far this work will serve its purpose, even I cannot say as it is entirely dependent on teacher's efforts to manipulate rightly the substance thereof With the best of intentions this work is therefore sent out on its mission of help to all concerned in the subject

પ્રસ્તાવના.

આવા નાનકડા પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર હોયજ નહી છતા પણ આ પુસ્તક રચવાનો શો ઉદ્દેશ છે તે વાચક વર્ગને જણાવવામા આવે તો તેનાથી તેને લાભ થવાનો સભવ છે

કોઈ પણ ભાષામા સરળ રીતે વાતચીત કરતા ન આવડે ત્યા સુધી તે ભાષાનુ પુરેપુરૂ જ્ઞાન થાય નહિ તેમજ તેના પર સપૂર્ણ કાબુ મેળવી શકાય નહિ અગ્રેજી ભાષામા બરોબર વાતચીત કરતા આવડે અને ગુજરાતી ભાષામા દર્શાવેલા વિચારો અગ્રેજી ભાષામા બરોબર ગોઠવાય એ શીખવવાનો આ લઘુ પુસ્તકનો હેતુ છે આ હેતુ પાર પાડવા માટે હમેશના ઉપયોગી જુદા જુદા વિષયોની પસદગી કરવાની જરૂર રહે છે તે પ્રમાણે આ પુસ્તકમા હમેશના ઉપયોગી વિષયો માલુમ પડશે, અને તે ઉપરાત અન્ય કેટલાક વિષયો પણ ચર્ચાયલા માલુમ પડશે

આ પુસ્તકના બે ભાગ પાડવામા આવ્યા છે પ્રથમ ભાગની અદર માત્ર સવાલો આપવામા આવ્યા છે, જેના જવાબો જરૂર પડે, જેમ અકગણિતમા દાખલાના જવાબો મેળવવા પાછળ જોવુ પડે છે તેમ, બીજા ભાગમા જોઈ લેવા, મેળવી લેવા તે ઉપરાત વિદ્યાર્થીઓના શીખવાની કસોટી માટે કેટલાક સવાલો તદ્દન અલગ મુકવામા આવ્યા છે

ઉપર દર્શાવેલા સવાલો અને જવાબોનો અભ્યાસ થતા વિદ્યાર્થીએ નવા સવાલો બનાવવા હમેશ પ્રયત્ન કરતા રહેવુ તેથી તેને વાતચીત કરતા મુશ્કેલીથી આવડી જશે અને સવાલો પૂછતા તથા જવાબ આપતા વિદ્યાર્થી કદી ગભરાશે નહિ

ગુજરાતી ભાષદ્વારા અંગ્રેજી શીખવવામા આવે તો નાના અંગ્રેજી ભણતા બાળકો કેટલી ઝડપથી અને સ્હેલાઇથી અંગ્રેજીમા વાતચીત કરતા શીખી શકે તે બતાવવાને આ પુસ્તક રચવામા આવ્યુ છે તેથી આ સવાલો અને તેના જવાબો ગોખીને તૈયાર કરવામા કશો લાભ થવા સભવ નથી અમારી ખાસ આગ્રહ પૂર્વક દરેક વિદ્યાર્થીને સૂચના છે કે એ સવાલો અને જવાબો કદી પણ ગોખીને તૈયાર કરવાની પદ્ધતિ રાખવી નહિ આ સવાલો અને જવાબોનો આધાર લઇ નવા સવાલો અને જવાબો કેવી રીતે રચવા તેજ શીખવવાનો આ પુસ્તકનો હેતુ છે

કદાચ આવી જાતના કેટલાક પુસ્તકો બહાર પડ્યા હશે, પરંતુ આ પુસ્તકમા તો ખાસ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે અને તેમને તેમા રસ પડે એવાજ વિષયો ચુટવામા આવ્યા છે આ પુસ્તક આવા ઉચ્ચ આશયથી અમે શીક્ષક તથા વિદ્યાર્થી સમક્ષ મુકીએ છીએ

આશા છે કે આ પુસ્તકનો દરેક જણ સદુપયોગ કરશે અને તેથી આવા પુસ્તકો પર જે ખોટી ટીકા થવા સભવ છે તેમાથી મુક્ત રહેશે અસ્તુ

તા ૮-૮-૦૪
શાહપુર સુરત.

પ્રકાશક.

English Conversation.

QUESTIONS સવાલો.

Exercise I

1 What is your name ? તમારૂ નામ શુ છે ?

2 What is your father's name ? તમારા બાપનુ નામ શુ ?

3 How many brothers in all are you ? તમો કેટલા ભાઇઓ છો ? (બધા મળીને)

4 How many brothers have you ? તમને કેટલા ભાઇઓ છે ?

5 What is the name of your elder brother ? તમારા મોટા ભાઇનુ નામ શુ ?

6 What is the name of your younger brother ? તમારા નાના ભાઇનુ નામ શુ ?

7 Have you any sister ? તમને એકે બેન છે ?

8 What is your sister's name ? તમારી બેનનુ નામ શુ ?

9 How many friends have you got ? તમને કેટલા દોસ્તદાર છે ?

10 Give the names of your friends? તમારા મિત્રોના નામ આપો

Exercise II

11 What is your age? તમારી ઉમ્મર કેટલી છે ?
12 How old are you ? તમે કેટલા વર્ષના થયા ?
13 What is your father's age ? તમારા બાપની ઉમ્મર કેટલી છે ?
14 How old is your elder brother ? તમારા મોટા ભાઈને કેટલા વર્ષ થયા ?
15 What is your age at present ? હાલ તમારી ઉમ્મર કેટલી ?

Exercise III

16 Do you go to school ? તમે નિશાળે જાઓ છો ?
17 What school do you go to ? તમે કયી નિશાળે જાઓ છો ?
18 Where do you study ? તમે કયા શીખો છો ?
19 Where is your school ? તમારી નિશાળ કયા છે ?
20 Where is your school situated ? તમારી નિશાળ કયા આવી છે ?
21 Is your school far from here ? તમારી નિશાળ અહિથી દુર છે ?

22 Is your school situated in the city or outside it ? તમારી નિશાળ શહેરમાં છે કે શહેર બહાર આવી છે ?

23 Please tell me the name of your school મહેરબાની કરીને તમારી નિશાળનું નામ આપો

24 What time do you go to school daily ? રોજ તમે ક્યારે નિશાળે જાઓ છો ?

25 Then why do you go to school in the morning to-day ? ત્યારે તમે આજે સવારમાં નિશાળે કેમ જાઓ છો ?

Exercise IV

26 What standard of study have you reached at school ? તમે કયા ધોરણમાં છો ?

27 In what class at school are you reading ? તમે કયા વર્ગમાં છો ?

28 How many standards of instruction are provided in your school ? તમારી નિશાળમાં કેટલા ધોરણ છે ?

29 How many classes of each standard are there in your school ? દરેક ધોરણના કેટલા વર્ગ તમારી નિશાળમાં છે ?

30 How many rooms are there in your school ? તમારી નિશાળમાં કેટલા ઓરડા છે ?

31 How many boys attend your school? તમારી નિશાળમાં કેટલા છોકરાઓ છે?

32 How many hours do you attend school daily? રોજ તમે કેટલા કલાક નિશાળમાં હાજર રહો છો?

33 How many hours do you study at school? તમે નિશાળમાં કેટલા કલાક અભ્યાસ કરો છો?

34 What time is it now? હમણાં કેટલા વાગ્યા છે?

35 What would you do now for one hour? તમે હવે એક કલાક શું કરશો?

Exercise V

36 Who is your teacher? તમારા શિક્ષક કોણ છે?

37 What is the name of your teacher? તમારા શિક્ષકનું નામ શું?

38 What is the surname of your teacher? તમારા શિક્ષકની અટક શું છે?

39 How far has your teacher studied? તમારા શિક્ષકે ક્યાં સુધી અભ્યાસ કર્યો છે?

40 What is the degree qualification of your teacher? તમારા શિક્ષકની યોગ્યતા (અભ્યાસ સંબંધી) શું છે?

41 Where is your teacher? તમારા શિક્ષક ક્યાં છે?

42 Where is your headmaster, please? તમારા હેડમાસ્તર સાહેબ ક્યાં છે?

43 What is the name of your headmaster ? તમારા હેડમાસ્તર સાહેબનુ નામ શુ ?

44 Where can I see your headmaster ? હુ તમારા હેડમાસ્તર સાહેબને ક્યા મળી શકુ ?

45 When can I see your headmaster ? હુ તમારા હેડમાસ્તર સાહેબને ક્યારે મળી શકુ ?

Exercise VI

46 What day of the week is to-day ? આજે કયો દિવસ થયો ?

47 What day would be to-morrow ? આવતી કાલે કયો દિવસ થશે ?

48 What day would be the day after to-morrow ? પરમ દિવસે કયો દિવસ થશે ?

49 How many days are there in a week ? એક અઠવાડીઆના કેટલા દિવસ હોય છે ?

50 What is the fourth day of the week ? અઠવા-ડીઆનો ચોથો દિવસ કયો ?

51 Name the fifth day of the week. અઠવાડીઆના પાચમા દિવસનુ નામ આપો.

52 What is the sixth day of the week ? અઠવાડી-આનો છઠ્ઠો દિવસ કયો ?

53 Will you tell me the name of the seventh day of the week ? અઠવાડીઆના સાતમા દિવસનું નામ આપશો ?

54 Name all the days of the week અઠવાડીઆના બધા દિવસોના નામ આપો

55 What day of the week is always a holiday ? અઠવાડીઆનો કયો દિવસ હમેશ રજાનો દિવસ હોય છે ?

Exercise VII.

56 What month is this ? આ કયો મહિનો ચાલે છે ?

57 What is the name of the next month ? આ પછીનો બીજો મહિનો કયો ?

58 Name the month after the next month ત્રીજા માસનુ નામ આપો

59 Name the rest of the months બાકીના બીજા બધા મહિનાના નામ આપો

60 What year of the Christian era is this ? આ કયુ ખ્રિસ્તી વર્ષ ચાલે છે ?

61 How many days are there in a month ? એક મહિનાના કેટલા દિવસ ?

62 How many days are there in the month of February ? ફેબ્રુઆરી મહિનાના કેટલા દિવસ ?

63 What do you understand by a Leap year ?
લીપ યીઅરનો અર્થ શો થાય છે ?

64 How many days has February in a Leap year ?
લીપ યીઅરમા ફેબ્રુઆરીના કેટલા દિવસ ?

65 Is this year a Leap year ? આ વર્ષ લીપ યીઅર છે ?

66 How do you find out if a year is a Leap year ? તમે લીપ યીઅર કેવી રીતે શોધી કાઢો છો ?

Exercise VIII

67 How many seasons are there in a year in England ? ઇંગ્લંડમા એક વર્ષમા કેટલી ઋતુઓ આવે છે ?

68 Which is the first season of a year ? વર્ષની પહેલી ઋતુ કયી ?

69 Which is the second season ? બીજી ઋતુ કયી?

70 What are the rest called ? બાકીની બીજી કયી છે ? Name them તેના નામ આપો

71 Which season do you like is the best ? તમને કયી ઋતુ વધારે ગમે છે ?

72 Why do you like the spring ? તમને વસંત ઋતુ કેમ ગમે છે ?

73 What do you notice in winter ? આ [illegible]ની ઋતુમા તમો શુ માલમ પડે છે ?

74 How do you feel in the winter season as to health? તમને શીયાળાની ઋતુમા કેમ લાગે છે?
75 What do you notice in the spring? વસન્ત ઋતુમા તમને શુ માલમ પડ છે?
76 What do you find as peculiar in summer? ઉન્હાળાની ઋતુમા ખાસ તમને શુ માલમ પડ છે?
77 What do you see in the rainy season? વર્ષા ઋતુમા તમે શુ જુઓ છો?
78 How do you feel in the rainy season? તમને વર્ષા ઋતુમા કેમ લાગે છે?
79 Is the rainy season important? વર્ષાઋતુ જરૂરની છે?
80 How far is the rainy season beneficial to India? હિંદુસ્થાન માટે વર્ષા ઋતુ કેટલી હિતકર છે?

Exercise IX

81 When does the sun rise? સૂર્ય ક્યારે ઉગે છે?
82 When does the sun set? સૂર્ય ક્યારે આથમે છે?
83 Where does the sun rise? સૂર્ય ક્યા ઉગે છે?
84 Where does the sun set? સૂર્ય ક્યા આથમે છે?
85 What are the 'east' and the 'west'? 'પુર્વ' અને 'પશ્ચિમ' શુ છે?
86 How many directions do you know? તમે કેટલી દિશાઓ જાણો છો?

87 Name the other two બાકીની બે દિશાઓના નામ આપો

88 When does the sun rise in winter ? શીયાળામા સૂર્ય ક્યારે ઉગે છે ?

89 When does the sun set in winter ? શીયાળામા સૂર્ય કયારે આથમે છે ?

90 Then how long does the sun shine ? ત્યારે કેટલો વખત સૂર્ય પ્રકાશે છે ?

91 At what time does the sun rise in winter ? શીયાળામા સૂર્ય કેટલે વાગે ઉગે છે ?

92 At what time does the sun set in winter ? શીયાળામા સૂર્ય કેટલે વાગે આથમે છે ?

93 At what time does it rise in summer ? ઉન્હાળામા તે કયારે ઉગે છે ?

94 At what time does it set in summer ? ઉન્હાળામા તે કયારે આથમે છે ?

95 Then for how many hours does it shine in winter and how many hours in summer ? ત્યારે શીયાળામા અને ઉન્હાળામા કેટલા કલાક સુર્ય પ્રકાશે છે ?

96 Then what is the difference between the summer and winter seasons ? ત્યારે શીયાળા અને ઉન્હાળાની ઋતુમા શુ ફેરફાર છે ?

97 Do you see the sun regularly in the rainy season ? વર્ષા ઋતુમા સુર્ય રોજ જોઇ શકો છો ?

98 Why can you not see the sun then ? તે વખતે તમે સૂર્યને કેમ જોઈ શકતા નથી ?

99 How long does each season last ? દરેક ઋતુ કેટલો વખત ચાલે છે ?

100 How does nature appear in the rainy season? વર્ષા ઋતુમા કુદરતનો દેખાવ કેવો હોય છે ?

Exercise X

101 Where do you live ? તમે ક્યા રહો છો ?

102 In what street or lane is your house situated ? તમારૂ ઘર ક્યા મહોલ્લામા આવ્યુ છે ?

103 Where is your house ? તમારૂ ઘર ક્યા છે ?

104 Which is your native place ? તમારી માતૃભુમિ (જન્મભુમિ) કયી ?

105 Where do you come from ? તમો ક્યાથી આવો છો ?

106 What are you doing here ? તમે અહિં શુ કરો છો ?

107 When do you go to school ? તમે નિશાળે ક્યારે જાઓ છો ?

108 When do you return home ? તમે ઘેર ક્યારે આવો છો ?

109 When does your school begin work ? તમારી નિશાળ ક્યારે શરૂ થાય છે ?

110 When does your school close ? તમારી નિશાળ ક્યારે બધ થાય છે ?

111 When do you get a holiday ? તમને રજા ક્યારે પડે છે ?

112 How many holidays have you got ? તમને કેટલા દિવસની રજા છે ?

113 When does your vacation begin ? તમારી રજા (લાંબી) ક્યારે શરૂ થાય છે ?

114 When does your school reopen ? તમારી નીશાળ પાછી ક્યારે ઉઘડે છે ?

115 When does your summer vacation begin ? તમારી ઉનાળાની રજા ક્યારે શરૂ થાય છે ?

116 What do you intend doing during the summer vacation ? તમે ઉનાળાની રજામા શુ કરવા ધારો છો ?

117 When will you return from your native place ? તમો તમારા દેશમાથી ક્યારે પાછા ફરશો ?

118 Then, when will you go back to your native place ? પછી તમે તમારા દેશમા ક્યારે જશો ?

119 When does the winter vacation commence at your school ? તમારી નિશાળમા શિયાળાની રજા ક્યારે શરૂ થાય છે ?

120 What do you wish to do during this vacation ? તમો આ રજામા શુ કરવા ધારોછો ?

121 Do you not wish to go out of Surat ? સુરતની બહાર જવા ઇચ્છતા નથી ?

122 How long is the vacation ? આ રજા તમને કેટલા
દિવસની પડે છે ?

123 On what date does your school reopen ? તમારી
નિશાળ કયી તારીખે પાછી ખુલે છે ?

124 Will you see me daily during this vacation ?
તમે મને આ રજામા રોજ મળશો ?

125 For how many hours do you read at home ?
તમે કેટલા કલાક ઘેર વાચો છો ?

126 Do you read in the morning ? તમે સવારે
વાચો છો ?

127 Do you read at night ? તમે રાત્રે વાચો છો ?

128 When do you read in the noon ? બપોરે તમે
ક્યારે વાચો છો ?

129 Do you read even on a Sunday ? તમે રવિવારે
પણ વાચો છો ?

130 How long do you read in the morning
daily ? રોજ તમો સવારે કટલો વખત વાચો છો ?

131 For how many hours do you read at night ?
રાત્રે તમે 'ટલા કલાક વાચો છો ?

132 How long do you read on Sunday ? તમે
રવિવારે કેટલો વખત વાચો છો ?

133 What do you do in the evening ? તમે સાજે
શુ કરો છો ?

134 Where do you go for a walk ? તમે ક્યા ફરવા જાઓ છો ?

135 May I accompany you ? હુ તમારી સાથે આવુ ?

136 Are you not going to the garden ? તમે બાગમા ફરવા નથી જતા ?

137 Will you come with me to the railway station? તમે મારી સાથે સ્ટેશન પર આવશો ?

138 Why do you want to go to the railway station? તમે શા માટે સ્ટેશન પર જવા માગો છો ?

139 Do you daily walk up to the railway station in the evening ? તમે રોજ સાન્જે સ્ટેશન સુધી ફરવા જાઓ છો?

140 Are there no better places for a visit here ? અહિ કોઈ બીજી સારી જગ્યા યા રસ્તા ફરવા માટે નથી ?

141 When do you go out for a walk in the evening ? તમે સાન્જે ક્યારે (કેટલે વાગે) ફરવા જાઓ છો?

142 When do you usually come back ? રોજ તમે ક્યારે પાછા ફરો છો ?

143 How long do you walk by the sea side ? તમે કેટલો વખત દરીઆ કિનારે ફરો છો ?

144 What do you do then ? પછી તમો શુ કરો છો ?

145 When will you return home to-day ? આજે તમે ઘેર પાછા ક્યારે ફરશો ?

Exercise XII

146 Do you also go out in the morning for a walk? તમે સવારે પણ ફરવા જાઓ છો?

147 What exercise do you take at home? તમો ઘેર કયી કસરત કરો છો?

148 How long do you take exercise? તમે કેટલો વખત કસરત કરો છો?

149 Is it enough? એટલી બસ છે?

150 Do you go through exercise regularly? તમે નિયમીતપણે કસરત કરો છો?

151 Is exercise beneficial to your health? કસરત તમારા શરીરને હિતકર છે?

152 Do you go through exercise twice a day or once a day? તમે કસરત બે વાર કરો છો કે એક વાર?

153 Which is the best form of bodily exercise? સૌથી સારામા સારી કસરત કયી?

154 Do you know swimming? તમને તરતા આવડે છે?

155 Do you know riding? ઘોડે સ્વારી આવડે છે?

Exercise XIII

156 Have you seen a railway train? તમે આગગાડી જોઇ છે?

157 Where did you see it ? તમે તે કયા જોઇ હતી ?

158 **Have you ever travelled by a railway train ?** તમે કોઈ દિવસ આગગાડીમા મુસાફરી કરી છે ?

159 **How far have you travelled ?** તમે કયા લગી મુસાફરી કરી છે !

160 Did you go out on a pilgrimage ? તમે જાત્રાએ ગયા હતા ?

161 **To what places did you go ?** તમે કયી કયી જગ્યાએ ગયા હતા ?

162 Did you stop anywhere ? તમે કોઇ સ્થળે અટકયા હતા ?

163 Where did you halt on the way ? તમે રસ્તે કયા અટકયા હતા ?

164 Did you not go to the heart of the city? તમે શહેરના અ દરના ભાગમા નહોતા ગયા ?

165 Did you see all the famous sights in Ahmedabad ? તમે અમદાવાદની બધીજ પ્રખ્યાત જગ્યાઓ જોઈ?

166 Will you please name some of the places? તમે મહેરબાની કરી કેટલીક જગ્યાઓના નામ આપશો ?

167 Did you not visit the park opposite the Kankaria Talao ? કાકરીઆ તળાવની સામેના બાગમા તમે ગયા ન હતા ?

168 How long did you stay in Ahmedabad ? તમે અમદાવાદમા કેટલો વખત રહ્યા હતા ?

169 Where did you go over then ? પછી ત્યાથી તમે કયા ગયા ?

170 What places did you go to in Kathuawar ? કાઠિયાવાડમા તમે ક્યા ગયા હતા ?

171 By which course did you travel in Kathiawar? કાઠિયાવાડમા ક્યા મુસાફરી કરી હતી ?

172 Did you visit Junagadh ? તમે જુનાગઢ ગયા હતા?

173 What did you see there ? ત્યા તમે શુ જોયુ ?

174 Are there no famous spots in Junagadh ? જુનાગઢમા કાંઈ જાણવા જેવા સ્થળો નથી ?

175 How long did you stay there ? તમે ત્યા કેટલો સમય રહ્યા ?

176 Where did you turn then ? ત્યાથી પછી તમે ક્યા ગયા?

177 Now do you wish to go over again any where ? હવે તમે કયે જવા ઇચ્છો છો ?

Exercise XIV

178 Where do you intend going ? તમો ક્યા જવાનો ઇરાદો રાખો છો ?

179 By what train are you to travel ? કયી ગાડીએ તમે જવાના છો ?

180 Is the noon train not suitable to you ? દિવસની ગાડી તમને માફક નથી ?

181 Do you like to travel by the night train ? રાતની ગાડી તમને પસદ છે ?

182 When does the train start ? ગાડી ક્યારે ઉપડે છે ?

183 When will you reach Bombay ? તમો મુબઇ ક્યારે પહોચશો ?

184 What is the train fare for journey to Bombay ? મુબઇની મુસાફરીનુ ગાડીભાડુ શુ છે ?

185 Would you travel the first class or second ? તમે પહેલા કે બીજા વર્ગમા જવા ઇચ્છો છો ?

186 What is the train fare for journey by the second class ? બીજા વર્ગનુ ગાડીભાડુ શુ છે ?

187 Where will you put up in Bombay ? તમે મુબઇમા કયા ઉતરશો ?

188 In what chawl or building would you stay ? તમે કયી ચાલમા યા મકાનમા ઉતરશો ?

Exercise XV

189 What are you doing in Bombay ? તમે મુબઇમા શુ કરો છો ?

190 What salary are you drawing there per month ? મહિને તમને શુ પગાર મળે છે ?

191 How long is it that you are serving there ?
તમો કેટલો વખત થયા નોકરી કરો છો ?

192 Did you get an increment in salary this year ?
આ વર્ષે તમને પગારમા વધારો મળ્યો ?

193 How much did you get ? કેટલો વધારો મળ્યો ?

194 How far will your salary rise ? તમારો પગાર ક્યા સુધી વધશે ?

195 Is your salary not fixed on a scale ? કંઇ ચોકસ યોજના નથી ?

196 Is there any hope of stability ? ત્યા કંઈ કાયમ પણુ ખરૂ કે !

197 How many men are there employed in your office ? તમારી ઓફીસમા કેટલા માણસો કામ કરે છે ?

198 Who is the head officer ? મુખ્ય અધિકારી કોણ છે ?

199 What are his qualifications ? એમની યોગ્યતા શી છે ?

200 What is the period of his service ? એણે ક્યા સુધી નોકરી કરી છે ?

201 What salary does he draw now ? હાલ એને શુ પગાર મળે છે ?

Exercise XVI.

202 Where do you come from ? તમે ક્યાંથી આવો છો ?

203 What have you come for ? તમે શાને માટે આવ્યા છો ?

204 What are you ? તમે શું કરો છો ?

205 May I know, please, what articles you deal in ?
તમે શાનો વેપાર કરો છો તે મહેરબાની કરીને કહેશો ?

206 How is your business going? તમારો વેપાર કેમ ચાલે છે ?

207 What is your friend doing ? તમારા મિત્ર શું કરે છે ?

208 What is that gentleman doing? પેલા સદ્‌ગૃહસ્થ શું કરે છે ?

209 Are all of you working to-gether ? તમે બધા
સાથે કામ કરો છો ?

210 Where is your firm situated ? તમારી પેઢી ક્યાં છે ?

211 In what part of Bombay ? મુંબઈના ક્યા ભાગમાં ?

212 What is the style of the firm ? તે પેઢીનું નામ શું ?

213 Is the cotton market tight or dull ? રૂનો બજાર
તેજી છે કે મંદી ?

214 Does your firm speculate in "Futures" ? તમારી
પેઢીમાં વાયદાનો સટ્ટો ચાલે છે ?

215 Does not speculation ruin business men ? સટ્ટો
વેપારીઓને નુકસાન નથી કરતો ?

216 Do you advise me to speculate in future bar-
gains ? તમે વાયદાનો સટ્ટો કરવાની સલાહ આપો છો ?

217 Are not many business men ruined thus ?
આવી રીતે ઘણા વેપારીઓને નુકસાન નથી થયું ?

218 Have not some sharebrokers proved bankrupts ?
કેટલાક શેરદલાલીઆઓએ દેવાળા નથી કાઢયા ?

Exercise XVII

219 What is this station called ? આ કયુ સ્ટેશન છે ?
220 Can we get water here ? આપણને અહિ પાણી મળશે ?
221 Is there no water-tap on this platform ? આ જગ્યાએ નળ નથી ?
222 What is that man selling ? પેલો માણસ શુ વેચે છે ?
223 Has he got fruits to sell ? તેની કને ફળ છે ?
224 What fruits do you want ? તમને કયા ફળ જોઇએ છીએ ?
225 What is the price per dozen of plantains ?
એક ડઝન કેળાની શુ કીંમત છે ?
226 What is the price of an orange ? એક નારંગીની શી કીંમત છે ?
227 Are these fruits good in quality ? શુ આ ફળો સારા છે ?
228 Is the train about to start ? ગાડી ઉપડે છે કે ?
229 Who whistles there ? સીસોટી કોણ વગાડે છે ?
230 Which train is moving, this or that ? કયી ગાડી ઉપડે છે, આ કે પેલી ?
231 Who rings that bell ? ઘંટડી કોણ વગાડે છે ?
232 What is the highest speed reached by this train ?
આ આગગાડીની કેટલી ઝડપ હોય છે ?

233 What is the average speed of the mail train ? મેઈલ ગાડીની કેટલી ઝડપ હોય છે ?

234 Why are so many lights ignited ? આ બધા દિવા કેમ બળે છે ?

235 What time is it now ? હાલ કેટલો વખત થયો છે ?

236 Is it not too early ? શુ એ બહુ વહેલુ નથી ?

237 When shall we reach Ahmedabad ? અમદાવાદ આપણે કયારે પહોચશુ ?

238 What stations are we likely to halt at ? આપણા રસ્તાપર કયા સ્ટેશનો આવશે ?

239 Will it take long to reach Ahmedabad ? અમદાવાદ પહોચતા ઘણો વખત લાગશે ?

240 Do you wish to stop there ? તમે ત્યા અટકવા માગો છો ?

241 Why do you hurry up then ? ત્યારે તમે ઉતાવળ કેમ કરો છો ?

242 Have you got provisions for the way ? તમારી કને નાસ્તોપાણી છે કે નહિ ?

243 Would you take a cup of milk ? દુધ લેશો ?

Exercise XVIII

244 How is your health now ? તમારી તબીએત હાલ કેમ છે ?

245 How do you fare now ? હમણા તમારી તબીએત કેમ ચાલે છે ?

245 Under whose treatment are you ? તમે કોની સારવાર હેઠળ છો ?

247 Does the doctor visit your house ? ડાક્ટર તમારે ઘેર આવે છે ?

248 What is his rate of fee ? એની ફી શુ છે ?

249 What does he charge for medicine ? દવાનુ શુ લે છે ?

250 Is he well-known in Ahmedabad ? અમદાવાદમા એ જાણીતા ડાક્ટર છે ?

251 Are there many other doctors here ? અહિ ઘણા ડાક્ટર છે કે ?

252 How many indigenous physicians are there ? અહિં કેટલા વૈદ્યો છે ?

253 Do you not like the treatment of a native physician ? તમને વૈદ્યની સારવાર નથી ગમતી ?

254 What is the charge made by a phvsician generally ? સાધારણ રીતે વૈદ્યની ફી શુ હોય છે ?

255 Is there no expert medical man here ? અહિં કોઇ બાહોશ અનુભવી વૈદ્ય નથી !

256 Will you pleaſe direct me over to him ? તમે મને એને ત્યાં લઇ જશો ?

257 Will your brother come with me ? તમારો ભાઇ મારી સાથે આવશે ?

258 Do you go alone ? તમે એકલા જાઓ છો ?

259 Ask your friend to come with you તમારા મિત્રને તમારી સાથે આવવા કહો

Exercise XIX

260 Where is the doctor, please ? ભાઈ સાહેબ ડાકટર સાહેબ ક્યા છે ?

261 Is he not at home ? એ ઘેર નથી ?

262 When will he return ? ક્યારે આવશે ?

263 When is he expected to return ? પાછા આવવાની ક્યારે વકી (આશા) છે ?

264 May I wait for him ? હુ એમને માટે રાહ જોઉ ?

265 Will you please hand over this note to him ? તમે એને આ ચીઠ્ઠી આપશો ?

266 Who is sick at your place ? તમારે ત્યા કોણ માદુ છે ?

267 Is your friend's wife ill ? તમારા મિત્રની સ્ત્રી માદી છે ?

268 What is she suffering from ? એને શુ વ્યાધિ છે ?

269 How long is it that she is suffering ? તે કેટલો વખત થયા માદી છે ?

270 Are you coming with me ? તમે મારી સાથે આવો છો ?

271 Did the doctor visit you ? તમારે ત્યા ડાકટર સાહેબ તપાસવા આવી ગયા ?

272 When did he come ? ક્યારે આવ્યા હતા ?

273 What is his opinion about your mother's trouble ? તમારી માના દુ:ખ સબંધી એનો શું મત છે ?

274 Did you get the medicine ? તમે દવા લાવ્યા ?

275 What is the matter with your younger brother? તમારા નાના ભાઇને શું થયું છે ?

276 How is he now ? તેને હવે કેમ છે ?

277 Do you treat him well ? તમે એની સારવાર તો ઠીક કરો છો ને ?

278 Where had you been just now ? તમે હમણા ક્યાં ગયા હતા ?

279 When did you come from Bombay ? તમે મુંબઇથી ક્યારે આવ્યા ?

Exercise XX

280 Have you seen gold ? તમે સોનું જોયું છે ?

281 Have you seen any other metals ? તમે બીજી કોઈ ધાતુ જોઇ છે ?

282 Will you name them ? તેના તમે નામ આપશો ?

283 Where did you see those metals ? તે ધાતુઓ તમે ક્યાં જોઈ હતી ?

284 When did you go to the mint ? તમે ટંકશાળામાં ક્યારે ગયા હતા ?

285 What is the colour of gold ? સોનાનો રંગ કેવો હોય છે ?

286 What is the colour of silver ? રૂપાનો રંગ કેવો હોય છે ?

287 What is the colour of copper ? તાંબાનો રંગ કેવો હોય છે ?

288 Have you ever gone down a mine ? તમે ખાણ જોવા ગયા છો ?

289 Which mine have you seen ? તમે કઇ ખાણ જોઇ છે ?

290 What are the things obtained from mines ? ખાણમાંથી કયી વસ્તુઓ મળી આવે છે ?

291 Where does kerosene oil come from ? ગ્યાસતેલ કયાંથી નીકળે છે ?

292 Do you prefer kerosene oil lights to electric lights ? તમને વિજળીની બત્તી કરતાં ગ્યાસતેલની બત્તી ગમે છે ?

293 Why do you prefer the latter ? (વિજળીની) બત્તી તમને કેમ ગમે છે ?

294 What were you using before you began to obtain kerosene oil in India ? હિંદુસ્તાનમાં ગ્યાસતેલ આવ્યું તે પહેલાં તમો શું વાપરતા હતા ?

295 When did you get electric light installed in your town ? તમારા શહેરમાં વીજળીની બત્તી કયારે આવી ?

296 What is the rate charged per Unit ? એનો શુ ભાવ છે ?

297 Is it not too high ? એ બહુ ન કહેવાય ?

298 What is cheaper, oil lights or electric lights ? વીજળીની બત્તી સોઘી કે તેલની સોઘી ?

Exercise XXI

299 Where is the post office, please ? ભાઈ સાહેબ, ટપાલ આફીસ કયા આવી ?

300 In what direction should I go ? કયી દિશામા જાઉ ?

301 Where is the telegraph office ? તાર ઓફીસ કયા છે ?

302 What do you want there ? તમારે ત્યા શુ જોઈએ છે ?

303 Are you a merchant ? તમે વેપારી છો ?

304 Will you please give me a few stamps, post cards and envelopes that I want ? તમે મને મહેરબાની કરી ટીકીટ કાગળ અને કવરો આપશો ?

305 Please give me four stamps worth 4 annas each મહેરબાની કરીને ચાર આના વાળી ચાર ટીકીટ આપો.

306 What will be the postal commission for a money order for Rs 10 ? દશ રૂા ના મની ઓર્ડર ની ફી શું લાગશે ?

307 Will you please accept an insured parcel to be dispatched ? તમે મારૂ વીમાનુ પાર્સલ મહેરબાની કરી લેશો ?

308 What is the charge for an ordinary telegram ? સાદા તારનો શું ભાવ છે ?

309 What is the charge for a foreign post card ? પરદેશના પોસ્ટ કાર્ડનો શુ ભાવ છે ?

310 What amount do you want to remit ? તમે કેટલા રૂપીઆ મોકલવા માગો છો ?

311 Where would you remit the money ? તમે પૈસા ક્યા મોકલવા માગો છો ?

312 Have you the amount in cash or in currency notes ? તમે રોકડા રૂ લાવ્યા છો કે નોટો લાવ્યા છો ?

313 Have you got small change for a rupee ? તમારી કને એક રૂપીઆનુ પરચુરણ છે ?

314 Why are you standing here ? તમે અહિ કેમ ઉભા છો ?

315 Please move aside. મહેરબાની કરી જરા આઘા ખસો

316 Will you please give me some telegraph forms ? થોડા તારના ફોર્મ આપશો ?

317 Why are you waiting here ? તમે અહિ કેમ ઉભા છો ?

318 Have you brought your pass book ? તમારી કને પાસ બુક (પૈસા જમે કરવાની ચોપડી) છે ?

319 How much would you deposit ? તમે કેટલા રૂ. જમે કરવા માંગો છો ?

320 Where is your pass book ? Hand it please, તમારી પાસ બુક ક્યા છે ? લાવો.

321 What is the number of your account in the Bank ? તમારી પાસ બુકનો નબર શુ છે ?

322 May I come in, please ? હુ અદર આવુ ?

323 Will you please accept my registered parcel for dispatch ? મહેરબાની કરી મારૂ રજીસ્ટર્ડ પારસલ લેશો ?

324 Why are you late ? તમે મોડા કેમ આવ્યા ?

325 Did you come here yesterday ? તમે અહિં ગઇ કાલે આવ્યા હતા ?

326 Why did you not bring it yesterday ? તમે ગઇ કાલે કેમ ન લાવ્યા ?

327 Have you sealed it well ? બરોબર સીલ કરી છે ?

328 What is the name of the sender ? મોકલનારનુ નામ શુ છે ?

Exercise XXII

329 Have you seen a mango ? તમે કેરી જોઈ છે ?

330 Have you tasted mangoes ? તમે કેરીનો સ્વાદ કાઢયો છે ?

331 Where did you see a mango tree ? તમે કેરીનુ ઝાડ ક્યા જોયુ હતુ ?

332 Did you see any other trees there ? તમે બીજા કોઇ ઝાડો જોયા હતા ?

333 What other trees did you see there ? ત્યા તમે ક્યા બીજા ઝાડો જોયા હતા ?

334 Did you see any flowers there ? ત્યા તમે ફુલો જોયા હતા ?

335 Name some of the flowers that you saw there
ત્યા તમે જે ફુલો જોયા હતા તેમાના કેટલાકના નામ આપો

336 Where is your garden situated ? તમારી વાડી ક્યા આવી છે ?

337 Did you ever board a boat ? તમે કોઈવાર હોડીમા બેઠા છો ?

338 Where did your boat sail ? તમારી હોડી ક્યા હંકારવામા આવી ?

339 Do you like to sail over te sea ? તમે દરીઆની મુસાફ્રી પસદ કરો છો ?

340 How did you feel while sailing over the river ? તમને નદીની મુસાફ્રી કેવી લાગી ?

341 How for did you sail ? તમે ક્યા સુધી મુસાફ્રી કરી ?

342 Have you ever observed sunset ? તમે કદિ સૂર્યાસ્ત જોયો છે ?

343 What is the apparent colour of the sun while setting ? સાજે સૂર્યનો રગ કેવો દેખાય છે ?

344 What seems to be the size of the sun in the evening ? સાજે સૂર્યનુ કદ કેવડુ દેખાય છે ?

345 Where did you observe the sun setting ? તમે સૂર્યને ક્યા અસ્ત થતા જોયો ?

346 Did you go to the seashore to observe sunset ? તમે સૂર્યાસ્ત જોવા દરીઆ કિનારે ગયા હતા ?

Exercise XXIII

347 How do you do ? તમારી તબીયત કેમ ચાલે છે ?

348 What is your address ? તમારૂ સરનામુ શુ ?

349 What was your grandfather ? તમારા દાદાનો શું ધધો હતો ?

350 What will you be when you grow up ? તમે મોટા થશો ત્યારે શુ કરશો ?

351 What business is he carrying on ? એનો ધધો શુ છે ?

352 Does he employ assistants in his firm now ? હવે એ એની પેઢીમા માણુસો નોકરીએ રાખે છે ?

353 Is there a vacancy under his company ? એની કપનીમા ખાલી જગ્યા છે ?

354 What is his profession ? એનો ધધો શુ છે ?

355 Will you do me some service ? તમે મને મદદ કરશો ?

356 Is he employed in service ? હાલ એ નોકરી કરે છે ?

Exercise XXIV

357 What is the weather like in Bombay at present ? હાલ મુબઈની હવા કેવી છે ?

358 What sort of climate has Poona ? પુણાની આબો હવા કેવી છે ?

359 Will you present him with a ring at his wedding ? એના લગ્ન વખતે તમે એને વીંટી ભેટ આપશો?

360 May I have a talk with you ? હુ તમારી સાથે વાત ચીત કરૂ ?

361 Can you lend me Rs 250 ? તમે મને રૂ ૨૫૦ ધીરશો?

362 When is the post cleared ? ટપાલ ક્યારે નીકળે છે ?

363 When is the next delivery due ? બીજીવાર ટપાલ ક્યારે વ્હેંચાય છે ?

364 Where is your family ? તમારા બૈરા છોકરા ક્યા છે?

365 Have you got a spare pencil ? તમારી કને એકાદ વધારે પેન્સીલ છે ?

366 Were you affected with a bad headache ? તમારૂં માથું ઘણુ દુખતુ હતુ ?

367 Was Rama bowled out ? રામ રમતમા બોલ આઉટ થયો ?

368 Can he talk English ? એ અંગ્રેજી બોલી જાણે છે ?

369 Will you please mend my pencil ? તમે મારી પેન્સીલ ઘડી આપશો ?

370 Can your friend ride a cycle ? તમારો મિત્ર સાઇ-કલ ચલાવી શકે છે ?

371 When is your examination ? તમારી પરીક્ષા ક્યારે છે?

372 Which is your birthday ? તમારો જન્મ દીવસ ક્યારે આવે છે ?

373 How do you feel now ? હવે તમને કેમ લાગે છે ?

Exercise XXV

374 When was Akbar born ? અકબર ક્યારે જન્મ્યો હતો ?

375 How did Akbar rule ? અકબરે કેવી રીતે રાજ્ય કર્યું ?

376 How long did he rule ? એણે કેટલો વખત રાજ્ય કર્યું હતું ?

377 What towns did he conquer ? એણે ક્યા સ્થળો જીત્યા હતા ?

378 Did he institute any reforms ? એણે કોઈ સુધારા કર્યા હતા ?

379 Did any other King or Kings carry out reforms ? બીજા કોઈ રાજાએ સુધારા કર્યા હતા ?

380 Whose political deeds of reforms are better ? કોના સુધારા વધારે સારા છે ?

381 When did Akbar die ? અકબર ક્યારે મરી ગયો ?

382 When did he breathe his last ? એ ક્યારે મરણ પામ્યો ?

383 Who succeeded Akbar to the throne ? અકબર પછી કોણ ગાદીએ આવ્યું ?

384 What were the important works of Shahjehan ? શાહજહાનના વખતના અગત્યના કામો ક્યા ક્યા ?

385 Where is Taj Mahal ? તાજ મહાલ ક્યાં આવેલો છે ?

386 Why did the English come to India ? અંગ્રેજ લોકો હિંદુસ્તાનમાં શા માટે આવ્યા હતા ?

387 Who came before them ? એમની પહેલા કોણ આવ્યુ હતુ ?

388 When did the English first come here ? અંગ્રેજ લોકો અહિ પહેલ વહેલા ક્યારે આવ્યા હતા ?

389 Where did they first land ? તેઓ પહેલા ક્યા ઉતર્યા હતા ?

390 Who was the first Englishman that came here ? સૌથી પહેલો અંગ્રેજ પુરૂષ અહિં કોણ આવ્યો હતો ?

391 Which other nations came to India ? બીજી કયી પ્રજાઓ હિંદુસ્તાન આવી હતી ?

392 What did they come for ? તેઓ શા માટે આવ્યા હતા ?

393 In whose reign did the English Nation become the masters of India ? કોના રાજ્યમા અંગ્રેજ લોકો હિંદુસ્તાનના માલીક થયા ?

Exercise XXVI

394 What articles are available in India ? હિંદુસ્તાનમા કયી કયી વસ્તુઓ મળી આવે છે ?

395 Where is gold found in India ? હિંદુસ્તાનમા સોનુ ક્યા મળે છે ?

396 Where does the best cotton grow in India ? હિંદુસ્તાનમા ઉત્તમ રૂ ક્યા પાકે છે ?

397 In what goods particularly did the English trade with the Indians ? અંગ્રેજ લોકો હિંદુસ્તાનના લોકો સાથે ખાસ કરીને શાનો વેપાર કરતા હતા ?

398 Where are spices grown in India ? હિંદુસ્તાનમા તેજાનો ક્યા મળી આવે છે (પાકે છે) ?

399 Who rules over the greater part of Kathiawar ? કાઠિયાવાડના મોટા ભાગમા કોનુ રાજ્ય ચાલે છે ?

400 Are there any native states in other parts of India ? હિંદુસ્તાનના બીજા કોઈ ભાગમા દેશી રાજ્યો છે ?

401 What do you know about Kashmir ? કાશ્મીર વિષે તમો શુ જાણો છો ?

Exercise XXVII

402 Do you ever tell a lie ? તમે જુઠું બોલો છો ?

403 Is it not the duty of every person to tell the truth ? સાચુ બોલવુ એ દરેક માણસની ફરજ નથી ?

404 Do you obey your parents ? તમે તમારા માબાપનુ કહ્યુ માનો છો ?

405 Who does not love his parents ? કોણ એના માબાપને ચહાતુ નથી ?

406 Do beasts also love their mothers ? જાનવરો સુદ્ધા તેની માને ચહાય છે ?

407 Who is the Father of the world ? જગતનો પિતા કોણ ?

408 Should we not with reverence love Him ? આપણે તેના તરફ માનથી પ્રેમ બતાવવો ન જોઇએ ?

409 How can we show our love towards Him ?
આપણે આપણો પ્રેમ તેની તરફ કેમ બતાવી શકીએ ?

410 Do you pray to God and obey his commandments ? તમે પ્રભુની પ્રાર્થના કરો છો અને એના હુકમોને માન આપો છો ?

EXERCISE FOR STUDENTS

Exercise XXVIII

1 Did you catch the train ?
2 How did you miss the train ?
3 Did you not hire a carriage ?
4 Will you attend my brother's marriage without fail ?
5 Why can you not attend even for a couple of days ?
6 Will you send your brother then ?
7 Whose painting is this ?
8 Who is the political leader of India ?
9 What party do you belong to ?
10 Do you like the non-co-operation movement ?
11 Why is he arrested ?
12 On what charge is he arrested ?
13 What is the decision of the Court ?
14 Has the Judge decided the case in his favour ?
15 What is the penalty ?
16 Is he sentenced to serve for 5 years ?
17 Is it not a severe punishment ?
18 What is your opinion about his character ?
19 Have you brought any testimonials with you ?

20 Did you speak to him about your ill health ?
21 What sum did he spend during his journey ?
22 Is he so extravagant ?
23 Do you not advise him to be economical ?
24 What is his business ?
25 How much does he earn ?
26 Did he get a job any where ?
27 Is he now out of employment ?
28 Are the mills closed ?
29 Are the mill hands out on strike ?
30 Who are at fault, the mill-owners or labourers ?
31 Has he reduced the staff ?
32 Do you pity these people ?
33 Are they not rogues ?
34 Do they not waste their money on drinks ?
35 Are they not hard-working ?
36 Is idleness not a crime ?
37 Should we not rely upon ourselves ?

Exercise XXIX

38 Who tells a lie there ?
39 Is honesty always the best policy ?
40 Do you ever cheat your customers ?
41 Do you not fear God ?

42 Do you always remember God early in the morning ?

43 How many times do you offer prayers to God daily ?

44 Did you go to see the exhibition ?

45 How did you like it ?

46 What did you see there ?

47 Will you accompany me to see it once more ?

48 When did you buy the pair of spectacles ?

49 Where did you buy it ?

50 Is it a well-known shop ?

51 Do you recommend me any other famous doctor ?

52 What did you pay for these glasses ?

53 Is this a gold-frame ?

54 Is it worth 15 rupees ?

55 Did this box cost you 5 rupees ?

56 Who gave you such papers ?

57 I have got blank papers as well as ruled ones Which do you want ?

58 Do you sell exercise-books, pencils, erasers, nibs, pen-holders & every kind of stationery ?

59 We shall miss you on the occasion of the wedding

60 Did the policemen catch any thieves ?

61 Would you do me the favour of seeing me next morning ?

62 Shall I have the pleasure of seeing your Sheth ?

63 Is there any dramatic company performing here ?

64 What show is to be presented on Saturday night ?

65 Who has composed that drama ?

66 Is there any cinema company showing pictures here ?

67 Have you seen any good film ?

68 Does the turban fit you ?

69 Can you sing ?

70 Do you know music ?

71 Can you play upon a flute ?

72 Is there any boarding house here ?

73 Is there any facility for lodging ?

74 What is the boarding charge per month ?

Exercise XXX

75 Is there any library in your city ?

76 Where is it situated ?

77 Is there also a Reading Room ?

78 How long is it open for the public ?

79 Is the library free to all ?

80 What is the fee per month ?

81 Do all people, irrespective of caste and creed, take advantage of it ?

82 From which library do you get books ?

83 What kinds of books can be had from that library ?

84 Are there no Sanskrit books ?

85 Will you please get me Raghuvamsham ?

86 How long can we keep one book at home ?

87 How many books are issued at a time ?

88 Is the same book reissued ?

89 Are there any Gujarati novels ?

90 Will you please send me a list of books in your library ?

91 Can I get some books for my sister ?

92 Are there any religious books for females ?

93 Are there books such as 'Sati Sita' or 'Savitri Akhyan' or 'Sati Draupadi' ?

Exercise XXXI

94 Which papers are subscribed in your Reading Room ?

95 Are there no English papers ?
96 Which papers do you read there ?
97 Do you read any Gujarati newspapers ?
98 Is 'Gujarat Mitra' a local paper ?
99 Is it a weekly paper or a daily paper ?
100 Are there any magazines ?
101 Which magazines are subscribed for ?
102 Are no English magazines subscribed for ?
103 Can I get magazines at home for reading ?
104 Will you please bring 'Vasant' for me ?
105 In all how many papers are subscribed for ?
106 Who manages the library & Reading Room ?
107 Is there a large fund for this library ?
108 Do you know how many donors there are ?
109 Who is the patron of your library ?
110 Shall I come with you to the library this evening ?

Exercise XXXII

111 Where is the Suez Canal ?
112 Who constructed it ?
113 How many miles is it long ?
114 Which is the easiest route to England from India ?

115 How many days does it take to reach England ?

116 Which are the coaling stations that come in the way, from Bombay to London ?

117 What do you understand by a coaling station ?

118 What are the important canals of the World ?

119 Where is the Panama Canal situated ?

120 How far is it important to the American trade ?

English Conversation.

ANSWERS જવાબો

Exercise I

1 My name is Ratilal મારૂ નામ રતિલાલ છે

2 My father's name is Hiralal મારા બાપાનુ નામ હિરાલાલ છે.

3 We are three brothers અમે ત્રણ ભાઇઓ છીએ.

4 I have two brothers મને બે ભાઇઓ છે

5 My elder brother's name is Pritamlal મારા મોટા ભાઇનુ નામ પ્રીતમલાલ છે.

6 The name of my younger brother is Ranjitlal. મારા નાના ભાઈનુ નામ રણજીતલાલ છે.

7 Yes I have two sisters હા મારે બે બેનો છે

8 My sister's name is Sarojini મારી બેનનુ નામ સરોજીની છે.

9 There are two friends of mine મારે બે મિત્રો છે.

10 My friends' names are -(1) Kanchanlal and (2) Kumudchandra.
મારા મિત્રના નામો -(૧) કંચનલાલ અને (૨) કુમુદચંદ્ર છે.

Exercise II

11 My age is 10 years. મારી વય દશ વર્ષની છે.

12 I am ten years old હું દશ વર્ષનો છુ

13 My father's age is 42 years મારા બાપાની ઉમ્મર
૪૨ વર્ષની છે

14 My elder brother is 15 years old મારા મોટા
ભાઇની વય ૧૫ વર્ષની છે

15 My age is 11 years at present મારી હાલની ઉમ્મર
૧૧ વર્ષની છે

Exercise III

16 Yes sir. I go to school હા, સાહેબ હું નિશાળે
જાઉં છું.

17 I attend the Sarvajanik Middle School હું સાર્વ-
જનીક મીડલ સ્કુલમા જાઉં છું

18 I study at the local Government High school
હું શહેરની ગવર્નમેન્ટ હાઇ સ્કુલમાં શીખું છું

19 My school is in Gopipura મારી શાળા ગોપીપુરામા છે

20 My school is situated in Gopipura મારી નિશાળ
ગોપીપુરામા આવી છે

21 My school is not very far It is very near
મારી નિશાળ ઘણી દૂર નથી તે ઘણી પાસ છે

22 My school is in the city, but my brother's
school is outside મારી નિશાળ શહેરમા છે પણ મારા
ભાઇની નિશાળ શહેરની બહાર છે

23 The name of my school is the Sir J J
English School મારી નિશાળનું નામ સર જે જે.
ઇંગ્લીશ સ્કુલ છે

24 I go to school at 11 o'clock daily હુ રોજ ૧૧ વાગે નિશાળે જાઉ છુ

25 To-day is Saturday, when the school meets in the morning આજે શનિવાર છે તેથી નિશાળ સવારની છે

Exercise IV

26 I have attained to the second A. V standard હુ બીજા ધોરણમા અભ્યાસ કરૂ છુ

27 I am reading in, class 'A" હુ 'અ' વર્ગમા છુ

28 There are seven classes in my school. મારી નિશાળમા સાત ધોરણ છે

29 There are more than two classes of each standard in my school મારી નિશાળમા દરેક ધોરણના બે કરતા વધારે વર્ગ છે

30 There are fifteen rooms in my school મારી શાળામા ૧૫ ઓરડાઓ છે

31 There are 800 boys attending my school મારી નિશાળમા ૮૦૦ છોકરાઓ છે.

32 I attend school for six hours હુ ૭ કલાક નિશાળમા હાજરી આપુ છુ

33 I study for five hours at school હુ નિશાળમા પાચ કલાક અભ્યાસ કરૂ છુ

34 It is 2 o'clock now હમણા બે વાગ્યા છે

35 I have got recess for one hour, so I would play. મને એક કલાકની છુટી મળી છે, તેથી હુ રમીશ.

Exercise V

36 My teacher is mr Mehta મારા શીક્ષક મી મહેતા છે

37 The name of my teacher is Mr Manilal મારા શીક્ષકનુ નામ મણીલાલ છે.

38 The surname of my teacher is Sanjana મારા શીક્ષકની અટક સનજાના છે

39 My teacher has studied up to the matriculation standard મારા શીક્ષકે અગ્રેજી સાત ધોરણ સુધી અભ્યાસ કર્યો છે

40 My teacher is a B. A. of the University મારા શીક્ષક બી એ ની પદવી ધરાવે .છે

41 My teacher is in the class. મારા શીક્ષક વર્ગમા છે.

42 My headmaster is in the class room મારા હેડમાસ્તર સાહેબ વર્ગમા છે

43 My headmaster's name is Lalitashankar મારા હેડમાસ્તર સાહેબનુ નામ લલિતાશંકર છે

44 You can see my headmaster in his office-room. તમે મારા હેડમાસ્તર સાહેબને ઓફીસમા મળી શકશો

45 You can see my headmaster after an hour. તમે મારા હેડમાસ્તર સાહેબને એક કલાક પછી મળી શકશો

Exercise VI

46 To-day is Sunday આજે રવિવાર થયો

47 To-morrow would be Monday આવતી કાલે સોમ-
વાર થશે

48 The day after to-morrow would be Tuesday
પરમ દહાડે મંગળવાર થશે.

49 There are seven days in a week એક અઠવાડીઆ
ના સાત દિવસ હોય છે

50 The fourth day of the week is Wednesday
અઠવાડીઆનો ચોથો દિવસ બુધવાર કહેવાય છે

51 The fifth day of the week is Thursday અઠ-
વાડીઆનો પાચમો દિવસ ગુરૂવાર કહેવાય છે

52 The sixth day of the week is Friday છઠ્ઠો
દિવસ શુક્રવાર કહેવાય છે

53 Yes, sir The seventh day of the week is
called Saturday અઠવાડીઆનો સાતમો દિવસ શનિવાર
કહેવાય છે

54 Their names are,-Sunday, Monday, Tuesday,
Wednesday, Thursday, Friday Saturday. તેઓ
ના નામ રવિવાર, સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરૂવાર,
શુક્રવાર, અને શનિવાર છે

55 The first day of the week viz. (namely) Sun
day is always a holiday અઠવાડીઆનો પહેલો દિવસ
(રવિવાર) હમેશાં આરામનો દિવસ હોય છે

Exercise VII

56 This is the month of March આ માર્ચ મહિનો ચાલે છે.

57 The next month would be April, આ પછીનો બીજો મહિનો એપ્રીલ આવશે

58 The month after that is known as May. તેના પછીનો મહિનો મે મહિનો છે

59 The names of the rest of the months are – June, July, August, September, October, November, December, January and February બાકીના મહિનાના નામો – જુન જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર અક્ટોબર, નવેમ્બર, ડીસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી છે.

60 This year is Nineteen hundred and twenty four (1924) આ ૧૯૨૪ નુ વર્ષ ચાલે છે

61 There are usually 30 or 31 days of a month દરેક મહિનાના સાધારણ ૩૦ કે ૩૧ દિવસ હોય છે

62 There are 28 or 29 days in the month of February ફેબ્રુઆરી માસના ૨૮ ૨૯ દિવસ હોય છે

63 A leap year is a year which has 366 days લીપ યીઅર એક એવુ વર્ષ છે કે જે વર્ષમા ૩૬૬ દિવસ આવે છે

64 February has 29 days in every leap year દરેક લીપ યીઅરમા ફેબ્રુઆરીના ૨૯ દિવસ હોય છે

65 Yes, sir 1924 is a leap year હા, સાહેબ ૧૯૨૪નું વર્ષ લીપ યીઅર છે

66 If the number of a year not ending in 00 can be divided by four leaving no remainder, it is called a leap year જો વર્ષના આંકડાને ચારે ભાગતા કાંઈ શેષ ન વધે તો તે લીપ યીઅર કહેવાય છે.

Exercise VIII

67 There are four seasons in a year in England. ઇંગ્લંડમા એક વર્ષમા ચાર ઋતુ આવે છે.

68 The first season is the spring પહેલી ઋતુ વસંત ઋતુ કહેવાય છે

69 The second season is summer બીજી ઋતુ ઉન્હાળાની ઋતુ છે।

70 The rest are - The autumn and winter seasons (monsoons). બાકીની પાનખર અને શીયાળાની ઋતુ છે

71 I like spring very much મને વસત ઋતુ બહુ ગમે છે

72 I like spring the best, because it is a very good season. મને વસત ઋતુ બહુ ગમે છે, કારણકે એ ઋતુ સારી છે

73 I feel increasing cold, days are short, but people feel more active. મને ઠંડી બહુ લાગે છે, દિવસો ટુંકા થાય છે, પણ લોકો બહુ ઉદ્યોગી રહે છે

74 I feel more healthy in the winter season

શીયાળામા મારી તબીએત ઘણી તદુરસ્ત રહે છે

75 I find that nature is charming and there is not much cold nor heat મને માલમ પડે છે કે કુદરત સુદર હોય છે, અને બહુ તાપ તેમ ઠડી હોતી નથી

76 I feel very hot in summer મને ઉન્હાળાની ઋતુમા ગરમી બહુ લાગે છે

77 I see clouds and lightning and hear thunders in the sky and rain falls in showers There is sometimes little light from the sun and there is sometimes darkness. The earth smells pleasantly and looks pretty Birds and other animals seek shelter under trees or remain at home વર્ષા ઋતુમા આકાશમા વાદળ તથા વિજળી જોઉ છુ ગર્જના સાભળુ છુ, તેમજ વર્ષાદના ઝાપટા પડે છે સૂર્યનો પ્રકાશ કોઈવાર ઓછો હોય છે કાઇ કોઈવાર અધારૂ થાય છે પૃથ્વી માથી ઘણી સારી સુગધ આવે છે અને પૃથ્વી ઘણી સુદર દેખાય છે પક્ષીઓ અને બીજા પ્રાણીઓ ઘરમા અથવા ઝાડની છાયા તળીએ બેસે છે

78 I feel sometimes cold and at other times heat in the rainy season ચોમાસામા મને કોઈવાર ગરમી તો કોઈવાર ઠડી લાગે છે.

79 Yes, sir The rainy season is very important. હા, સાહેબ વર્ષાઋતુ ઘણી અગત્યની છે.

80 The rainy season is most welco 1e to India, because corn cannot grow without rain, and if there is no rain people would die of hunger વર્ષાઋતુ હિંદુસ્તાન માટે ઘણી આવશ્યક છે જો વર્ષાદ ન આવે તો અનાજ પાકે નહિ અને લોકો ભૂખે મરે

Exercise IX.

81 The sun rises early in the morning સૂર્ય સવારે વ્હેલો ઉગે છે

82 The sun sets in the evening. સૂર્ય સાંજે આથમે છે

83 The sun rises in the east. સૂર્ય પૂર્વમા ઉગે છે

84 The sun sets in the west સૂર્ય પશ્ચિમમા આથમે છે

85 The 'East' and the 'West' are directions પૂર્વ અને પશ્ચિમ દિશાઓ કહેવાય છે

86 There are four main directions ચાર મુખ્ય દિશાઓ છે

87 The other two are -The North and the South. બાકીની ઉત્તર અને દક્ષિણ છે

88 The sun rises a little later in the morning in winter સૂર્ય શિયાળામા સવારે કંઈક મોડો ઉગે છે

89 The sun sets earlier in winter શીયાળામા સૂર્ય વ્હેલો આથમે છે

90 The sun shines for a fewer hours in winter શીયાળામા સૂર્ય થોડા કલાક પ્રકાશે છે,

91 The sun rises at about 7 o'clock in winter on some days શીયાળામા સુર્ય કેટલાક દિવસ સાત વાગે ઉગે છે

92 The sun sets at about 6 o'clock on some days in winter. સુર્ય શીયાળામા સાન્જે છ વાગે આથમે છે

93 The sun sometimes rises at 5 o'clock in the morning in summer ઉન્હાળામા કેટલીકવાર સવારે સુર્ય પાચ વાગે ઉગે છે

94 The sun sets at 7 o'clock in the evening in summer. સુર્ય ઉન્હાળામા સાન્જે સાત વાગે આથમે છે

95 The sun shines for about eleven hours in winter and for about 14 hours in summer શીયાળામા સુર્ય ૧૧ કલાક પ્રકાશે છે અને ઉન્હાળામા સુર્ય ૧૪ કલાક પ્રકાશે છે

96 The difference between the summer and winter seasons is this – ઉન્હાળા અને શીયાળાની ઋતુમા ફેરફાર નીચે પ્રમાણે હોય છે –

(1) The days in Winter are shorter, while the days in summer are longer શીયાળાની ઋતુ મા દિવસ ટુકા હોય છે અને ઉન્હાળામા દિવસો લાબા હોય છે

(2) It is more cold in winter, while there is much heat in summer શીયાળામા ટાઢ બહુ પડે છે અને ઉન્હાળામા ગરમી બહુ પડે છે

97 No, sir I do not often see the sun in the rainy season ચોમાસામા હુ ઘણીવાર સુર્ય જોઇ શકતો નથી

8 I do not see the sun, because it is hidden behind clouds મને સુર્ય દેખાતો નથી કારણ કે તે વાદળામા ઢકાયલો હોય છે

99 Every season extends nearly over four months. લગભગ દરેક ઋતુ ચાર મહિના ચાલે છે

100 Nature looks very beautiful and verdant in in the rainy season ચોમાસામા કુદરત ઘણી સુન્દર અને લીલોતરી વાળી હોય છે

Exercise X

101 I live in Surat હુ સુરતમા રહુ છુ

102 My home is in Gopipura મારૂ ઘર ગોપીપુરામા છે

103 My house is in Haripura મારૂ ઘર હરિપુરામા છે

104 My native place is Poona મારી જન્મભૂમિ પુણા છે

105 I come from Ahmedabad હુ અમદાવાદથી આવુ છુ

106 I am for studies here હુ અહિ અભ્યાસ કરૂ છુ

107 I go to school at 11 A M. હુ સવારે ૧૧ વાગે નિશાળે જાઉ છુ

108 I come back at 5 P M હુ સાજે પાચ વાગે પાછો ઘેર આવુ છુ

109 My school begins work at 11 o'clock મારી નિશાળમા કામ ૧૧ વાગે શરૂ થાય છે.

110 My school is closed at 5 o'clock મારી નિશાળ
પાચ વાગે બધ થાય છે
111 I would get holiday next Monday મને આવતા
સોમવારે રજા છે
112 I have got holidays for to-day and to-morrow
મને આજે અને કાલે રજા છે.
113 The vacation begins on the 6th of May
મારી રજા ૬ઠ્ઠી મેથી શરૂ થશે
114 My school reopens on the 16th of June
મારી નિશાળ પાછી ૧૬મી જુને ખુલે છે
115 The summer vacation at our school begins
on the 1st May this time. આ વખતે અમારી ઉન્હા-
ળાની રજા ૧લી મેથી શરૂ થાય છે
116 I think of going out of Surat during this
vacation આ રજામા હુ સુરતની બહાર જવા ધારૂ છુ
117 I shall return from my native place after a
month હુ મારે દેશથી એક મહિના પછી પાછો આવીશ
118 I shall go to my native place again after one
year એક વર્ષ પછી પાછો હુ મારે દેશ જઈશ
119 The winter vacation begins on the 15th October
શીયાળાની રજા ૧૫ મી અકટોબરે શરૂ થાય છે
120 I wish to prepare myself for the examination

during the vacation આ રજામા હુ પરીક્ષાને માટે મારા પાઠ તૈયાર કરવા માગુ છુ

121 No, Sir I do not wish to go out of Surat, because my native place is very far off મારો દેશ ઘણો દૂર હોવાથી હુ સુરતની બહાર જવા ઇચ્છતો નથી

122 This vacation extends over four weeks આ રજા ચારેક અઠવાડીઆની છે

123 My school reopens on the 13th of November મારી નિશાળ ૧૩મી નવેમ્બરે ખુલે છે

124 I shall not see you unless you come to my house જો તમે મારે ઘેર નહિ આવો તો હુ તમને મળી શકીશ નહિ

Exercise XI

125 I read for two hours daily at home હુ ઘેર રોજ બે કલાક વાચુ છુ

126 Yes, sir I do read in the morning હા સાહેબ હુ સવારે વાચુ છુ

127 I do not read daily at night હુ રોજ રાત્રે વાચતો નથી

128 I read in the afternoon on sundays or saturdays શનિવારે અથવા રવિવારે હુ બપોરે વાચુ છુ

129 Yes I do read on sundays હા રવિવારે વાચુ છુ

130 I read for two hours and a half in the morning હુ સવારે ૨-૩૦ કલાક વાચુ છુ.

131 I read for an hour and a quarter at night. હું રાત્રે સવા કલાક વાચું છું

132 I read for 3 hours every Sunday હું દરેક રવિવારે ૩ કલાક વાચું છું

133 I go out to take a walk in the evening હું સાંજે ફરવા જાઉં છું.

134 I go out to the garden for a walk હું બાગમા ફરવા જાઉં છું

135 Yes You may come willingly with me હા તમે ખુશીથી મારી સાથે આવી શકો

136 Yes I am just going to the garden for a walk હા હું હમણા બાગમા ફરવા જાઉં છું

137 Yes, I shall come with you to the Railway station હા હું તમારી સાથે સ્ટેશનપર ફરવા આવીશ

138 I wish to go out for a walk upto the Railway station હું રેલ્વે સ્ટેશન સુધી ફરવા જવા ઇચ્છું છું

139 No I do not daily go upto the station for a walk ના, હું રોજ સ્ટેશનપર ફરવા જતો નથી

140 Yes There are better walks, like the Hope Bridge the river side and the Lines હા અહિ હોપ પુલ, નદી કીનારો, લાઇન્સ જેવી સારી જગ્યા ફરવા જવા માટે છે

141 I go out for a walk at 6 in the evening હું સાંજે ૬ વાગે ફરવા જાઉં છું.

142 I come back generally at eight o'clock હુ રાત્રે આઠ વાગે પાછો ફરૂ છુ.

143 I walk for an hour by the sea side. હુ દરિઆ કિનારે એક કલાક ફરૂ છુ

144 Then I sit down on the bank and take rest. પછી હુ ત્યા બેસી અને આરામ લઉ છુ

145 I will return home at half past seven to-day આજે હુ સાડાસાત વાગે પાછો ફરીશ

Exercise XII

146 No I do not go out for a walk in the morning as I undergo exercise at home. હુ ઘેર કસરત કરૂ છુ તેથી હુ બહાર ફરવા જતો નથી

147 I go through different kinds of Indian system of exercise such as Dand, Bethak, jumping etc હુ જુદી જુદી જાતની કસરત દડ, બેઠક, કુદવુ વિગેરે લઉ છુ

148 I exercise my body for three quarters of an hour. હુ પોણો કલાક કસરત કરૂ છુ

149 Yes It is quite enough હા એટલી તો બસ છે

150 Yes, I take exercise regularly every day હા હુ રોજ નિયમીત રીતે કસરત કરૂ છુ

151 Indeed, exercise [illegible] to my health અલબત, કસરત [illegible]

152 I exercise twice a day હુ દિવસમા બે વાર કસરત કરૂ છું.

153 Swimming is the best of bodily exercises. શારીરિક કસરતોમા તરવાની કસરત સૌથી શ્રેષ્ઠ છે.

154 No I do not know swimming ના મને તરતા નથી આવડતુ

155 Yes I know riding and I want to learn swimming હુ ઘોડેસ્વારી જાણુ છુ અને હુ તરતા શીખવાનો છુ

Exercise XIII

156 O yes I have seen a railway train હા મેં આગગાડી જોઇ છે

157 I saw it at the station મે આગગાડી સ્ટેશનપર જોઈ હતી

158 Yes I have travelled by the railway train હા મે આગગાડીમા મુસાફરી કરી છે

159 I have travelled up to Sidhpur હુ સીદ્ધપુર સુધી મુસાફરી કરી છે

160 I went to a place of pilgrimage last year હુ ગયે વર્ષે જાત્રાએ ગયો હતો

161 I went to visit many places હુ ઘણી જગ્યાએ ... હતો

162 I halted at many places on the way ... ઘણી જગ્યાએ ... હતો

163 I stopped at Ahmedabad હુ અમદાવાદ ઉતર્યો હતો
164 I went into the town and saw everything
હુ શહેરના અંદરના ભાગમા ગયો હતો અને દરેક વસ્તુ
જોઇ હતી
165 Yes I saw many famous places there. મે ત્યા
ઘણી પ્રખ્યાત જગ્યાઓ જોઇ હતી
166 Some of the famous places are -Jumma Masjid, Kankaria Talao, Shah Alam's Tomb, Sabarmati Jail, Shahi Bag, Hathising Wadi, and Satyagraha Ashram જુમા મસ્જીદ, કાંકરીઆ તળાવ, શાહ આલમનો રોજો, સાબરમતી જેલ, શાહી બાગ, હઠીસીંગની વાડી, સત્યાગ્રહ આશ્રમ વિગેરે ઘણી જગ્યાઓ
જોઇ હતી
167 No I did not go to that park as I could spare no time મને વખત ન હોવાથી તે બાગમા હુ ગયો ન હતો
168 I stayed in Ahmedabad for 10 days only હુ
અમદાવાદમા માત્ર દશ દિવસ રહ્યો હતો
169 Then I went on to Kathiawar પછી ત્યાથી હુ
કાઠીયાવાડ ગયો હતો
170 I went to Bhavnagar and Morbi in Kathiawar
હુ કાઠીયાવાડમા ભાવનગર અને મોરબી ગયો હતો
171 I travelled through many other towns in Kathiawar. મે કાઠીયાવાડમા ઘણી બીજી જગ્યાએ મે
મુસાફરી કરી હતી

172 Of course. I had gone to Junagadh અલબત. હુ જુનાગઢ ગયો હતો.

173 I saw many notable spots there ત્યા મે ઘણી જગ્યાઓ જોઈ હતી.

174 There are many famous sights, such as the Girnar mountain, The Bahuddin College, the temple of Narsinh Mehta, etc ત્યા ઘણી જોવા જેવી જગ્યા છે જેવી કે, ગીરનાર પર્વત, બાહુદીન કોલેજ, નરસિંહ મહેતાનુ મંદીર વિગેરે

175 I stayed there for four days હુ ત્યા ચાર દિવસ રહ્યો હતો

176 Then I returned home પછી હુ ઘેર પાછો ફર્યો

177 No I do not wish to go out anywhere now. હવે હુ કશે જવા ઇચ્છતો નથી.

Exercise XIV

178 I intend going to Bombay હુ મુંબઈ જવાનો ઇરાદો રાખુ છુ.

179 I am to travel by the night train હુ રાતની ગાડીએ જવાનો છુ.

180 No The noon train is not convenient to me ના મને બપોરની ગાડી માફક નથી.

181 I generally like to take the night train ઘણુ ખરૂ મને રાતની ગાડી ગમ છે.

182 The train starts at 8 45 P M (at quarter to nine or forty five minutes past eight) ગાડી ૮–૪૫ એ ઉપડે છે.

183 I shall reach Bombay next morning. હું બીજે દિવસે મુબઇ પહોચીશ.

184 The train fare to Bombay is Rs 2 As 13. મુબઇનુ ગાડી ભાડુ રૂા ૨–૧૩ છે.

185 I shall travel by second class, as I have got a special pass for it મારી કને ખાસ પાસ છે તેથી હું બીજા વર્ગમા જઇશ

186 I do not know મને ખબર નથી

187 I shall put up in the Madhav Bag by the Cowasji Patel's Tank Road કાવસજી પટેલના તળાવપર આવેલા માધવ બાગમા ઉતરીશ.

188 I shall stay at Khakhar's chawl on the top floor હુ ખખર ચાલને ઉપલે માળે રહેવાનો છુ.

Exercise XV

189 I am in service (or employed) in Bombay in the police department હુ મુબઇમા પોલીસ ખાતામા નોકરી કરું છું.

190 I am drawing Rs 200 per month. મહિને મને રૂા ૨૦૦ નો પગાર મળે છે.

191 I am employed there for the last 10 years
હું ત્યાં ૧૦ વર્ષ થયા નોકરી કરું છું

192 I got a nominal increment this year આ વર્ષે
મને સાધારણ વધારો મળ્યો

193 I got Rs 5 per month as increment in salary
મને મહિને ૫ રૂા પગારમાં વધારો મળ્યો.

194 It may rise to about Rs 500 p. m આશરે
મને રૂા ૫૦૦ સુધી આગળ જતાં મળશે

195 Yes My salary is fixed on a definite scale
and I get increment every year હા મારો પગાર
ચોક્કસ છે અને મને દર વર્ષે વધારો મળે છે

196 Of course, I think it has stability અલબત
મારી ધારણા મુજબ કાયમપણું ખરું

197 There are twenty five men on our office-staff
અમારી ઓફીસમાં ૨૫ માણસો છે

198 Mr Dixit is the head officer મી દીક્ષીત મુખ્ય
અધિકારી છે

199 I do not know that But I know that he had
been to England last year તે મને ખબર નથી
પણ મને ખબર છે કે ગયે વર્ષે એ વિલાયત ગયા હતા

200 He has put in a service of 15 years એ ૧૫
વર્ષ થયા અહિં નોકરી કરે છે.

201 He draws Rs 800 p m at present. હાલ એને ૮૦૦) રૂા. નો પગાર મળે છે.

Exercise XVI

202 I am just coming from Bombay હું હમણાજ મુબઈથી આવુ છુ.

203 I have come merely to visit this place. હુ આ શહેર જોવાજ આવ્યો છુ.

204 I am a man of business હુ વેપારી છુ.

205 I deal in gold and silver હુ સોના ચાદીનો વેપાર કરૂ છુ

206 Our business is thriving well અમારો વેપાર વણી સારી રીતે ચાલે છે

207 He is my partner in business. એ મારો ભાગીઓ છે

208 He is also my partner એ પણ મારો ભાગીએ છે

209 Yes We are all working to-gether હા અમે બધા સાથે કમ કરીએ છીએ

210 The head quarter of our firm is in Bombay અમારી મુખ્ય પેઢી મુબઈમા છે

211 It is situated facing the Girgaum Back Road એ ગીરગામ બેક રોડપર આવેલી છે

212 It is known as 'Master Brothers' એનુ નામ 'માસ્ટર બ્રધર્સ' ની પેઢી છે

213 The market is dull at present હાલ બજાર નરમ છે

214 We never speculate in "Futures." અમે કદી વાયદાનો સટ્ટો કરતા નથી

215 It does ruin everyone in the end or long run આખરે એ દરેક જણને નુકસાન કરે છે

216 I never advise anyone to do speculative trade હું કોઇને સટ્ટો કરવાની સલાહ આપતો નથી.

217 Oh! A number of men have been ruined thus. અરે! આવી રીતે સખ્યાબધ માણસોને નુકસાન થયુ છે.

218 Of course Some share brokers recently declared themselves insolvents on account of speculation in business હમણાજ કેટલાક શેર દલાલો સટ્ટાને લીધે દેવાળીઆ થઇ ગયા

Exercise XVII

219 This is Broach railway station આ ભરૂચનુ સ્ટેશન છે

220 Yes You can ask for water from that woman, હા તે પાણીવાળી પાસેથી મળશે

221 There is a water pipe laid on, but it is not in working order પાણીના નળ છે, પણ હાલમા પાણી આવતુ નથી

He is selling some eatables તે ખાવાનુ વેચે છે

3 It seems he has fruits to sell તેની પાસે ફળ હોય એમ લાગે છે

224 I want oranges, plaintains, grapes, apples or some such fruits નારંગી, કેળાં, લીલીદ્રાક્ષ, સફરજન અથવા એવું કાંઇ મળે તો મારે જોઇએ છે

225 A dozen plaintains will cost six annas એક ડઝન કેળાંની કીંમત છ આના પડશે

226 An orange costs two annas એક નારંગીની કીંમત બે આના બેસે છે

227 Not so good as those sold in the city શહેર જેટલા સારા નહિં

228 Yes, it is time for the train to start, run up or you will miss the train હા ગાડી ઉપડવાનો વખત થયો છે દોડો નહિતો ગાડી ચુકી જશો.

229 The guard blows his whistle ગાર્ડ પોતાની સીસોટી વગાડે છે.

230 No, that goods train has started. ના પેલી માલગાડી ઉપડે છે.

231 The porter rings the bell પેલો કુલી ઘંટડી વગાડે છે.

232 The highest speed attained by this train is 30 miles per hour. આ ગાડીની વધુમાં વધુ ઝડપ કલાકના ૩૦ માઇલ છે.

233 The average speed of the mail train is 45 miles per hour. મેલ ગાડીની ઝડપ કલાકના ૪૫ માઇલ છે.

234 It is late in the evening, so the lights are provided લગભગ સાંજ પડી છે તેથી દીવા બળે છે

235 It is nearly 6 30 P M લગભગ સાડાછ વાગ્યા છે.

236 No, no. This is the time for lighting up every station. ના, ના દરેક સ્ટેશને બત્તીનો વખત થયો છે

237 We shall reach Ahmedabad 2 hours hence. બે કલાક પછી આપણે અમદાવાદ પહોંચીશું.

238 Mehmadabad and Barejadi are likely to be touched on our way મહેમદાવાદ અને બારેજડી રસ્તામા આવવાનો સભવ છે

239 No Now it will take only an hour and a half ના હવે ફક્ત દોઢ કલાક લાગશે

240 Yes I wish to stop at Ahmedabad overnight. હા આજ રાતે અમદાવાદ રહેવા ઇચ્છા છે.

241 I wish to see one of my relatives there, so I asked you મારે મારા એક સગાને મળવુ છે તેથી પુછુ છુ.

242 No I do not dine in the train ના હું ગાડીમાં ખાતો નથી.

243 No, sir Thank you ના, સાહેબ આભાર થયો.

Exercise XVIII

244 I am not quite well as yet હજુ હુ બરાબર સારો થયો નથી.

245 I am not feeling well still હજુ તદન આરામ નથી.
246 I am under Dr. Sherdiwala's treatment. હમણા ડોકટર શેરડીવાળાની દવા ચાલે છે
247 He pays an occasional visit કોઈ વખત વીઝીટપર આવે છે.
248 His rate of fee is 5 rupees એની ફી પાચ રૂપીઆ છે.
249 He charges 10 annas or 12 annas according to the medicines mixed દવાના પ્રમાણમા દશ આના કે ૧૨ આના લે છે.
250 He is very famous here અહીં એ ઘણા ખ્યાત છે.
251 There are many other doctors besides બીજા ઘણાએ ડોકટર છે
252 I do not know the exact number, but there must be about a hundred ચોક્કસ ખબર નથી પણ ૧૦૦ ને આસરે હશે
253 I do not like the treatment of a physician because some indegenous practitioners are quacks. વૈદની સારવાર મને નથી ગમતી કારણકે કેટલાક ઉટ વૈદો પણ હોય છે
254 A physician charges two annas or four annas per case વૈદ્ય દરેક કેસના બે કે ચાર આના લે છે
255 There is an expert physician, Umedram Bhatt by name, a very old man ઉમેદરામ ભટ્ટ નામના એક વૃદ્ધ વૈદ્ય ઘણા હોશીયાર છે.

256 Yes. I shall take you over to him હા હું તમને તેમની પાસે લઈ જઈશ.

257 He will come, if you like તમારી મરજી હશે તો એ આવશે.

258 No I'll go with my elder brother ના હું મારા મોટા ભાઇ સાથે જઈશ.

259 He will come with me to-morrow- આવતી કાલે મારી સાથે આવશે.

Exercise XIX.

260 The doctor has gone out ડાકટર સાહેબ બહાર ગયા છે.

261 No He is not at home ના ઘેર પણ નથી.

262 It is not certain when he will come back. પાછા ક્યારે આવશે તે નક્કી નથી.

263 He is expected to return within half an hour. અર્ધો કલાકમા આવવા વકી છે

264 You may wait if you like. મરજી હોય તો રાહ જુઓ

265 Yes I shall deliver him the note હા એમને હું ચીઠ્ઠી આપીશ

266 No body is sick at my place but my friend's wife is ill. મારે ઘેર કોઇ માંદુ નથી પણ મારા મિત્રની સ્ત્રી માંદી છે.

237 Yes She is very ill. હા. તે બહુ માંદી છે.

268 She is suffering from high fever and pain on the left side The doctors think it is pneumonia. સખત તાવ આવે છે અને હૃદયમા દુખાવો થાય છે ડોક્ટર કહે છે કે ત્રિદોષ થયો છે.

269 She is laid up for the last 5 days છેલ્લા પાચ દિવસથી હેરાન થાય છે.

270 No I am busy just now. ના હમણા હુ કામમા છુ.

271 Yes The doctor visited my place yesterday. હા ગઇકાલે ડોક્ટર ઘેર આવ્યા હતા.

272 He came a couple of hours ago. બે કલાક પહેલા આવ્યા હતા.

273 The doctor thinks that my mother is suffering from first symptoms of consumption and that by great care, good nursing and proper treatment she may be restored ડોક્ટર કહે છે કે મારી બાને ક્ષયની પહેલી સ્થિતિ છે ઘણી કાળજી, સારી માવજત અને યોગ્ય સારવારથી આરામ થાય

274 No I am going to the dispensary for the same ના તેટલા માટેજ હુ દવાખાને જાઉ છુ.

275 He is suffering from low fever and headache. સાધારણ તાવ આવે છે અને માથુ દુખે છે.

276 Of course, he is feeling better now અલબત. હવે એની તબીયત સુધારાપર છે.

277 Of course, we treat him well and so he will get alright very soon. અલબત હમે સારી સારવાર કરીએ છીએ અને તેથી તેને હવે જલદી આરામ થઇ જશે.

278 I had been to the bazar for a bottle of fever pills તાવની ગોળીની શીશી લેવા હુ બજારમા ગયો હતો.

279 I came from Bombay only last night. હુ ગઇ રાત્રેજ મુંબઇથી આવ્યો

Exercise XX

280 Yes I have seen gold હા મે સોનુ જોયુ છે

281 I have seen many other metals. ને બીજી ઘણી ધાતુઓ જોઈ છે

282 Yes They are iron, copper, zinc, silver, aluminium and others હા લોઢુ, ત્રાંબુ, જસત, ચાંદી, એલ્યુમીનીયમ, વિગેરે ઘણી છે

283 I saw them at the mint મે ટંકશાળમા તે જોયલી

284 I went to the mint with my father two months ago બે માસ પહેલા મારા બાપા સાથે ટંકશાળમા ગયલો.

285 The colour of gold is yellow સોનાનો રંગ પીળો હોય છે.

286 The colour of silver is greyish white ચાંદીનો રંગ રાખોડી પડતો સફેદ છે.

287 The colour of copper is dull red. ત્રાંબાનો રંગ ઝાંખો લાલ હોય છે.

288 Yes Once I went down a mine to see it. હા એક વાર હું ખાણ જોવા ગયલો.

289 I have seen a gold mine at Mysore મૈસુરની સોનાની ખાણ મે જોઇ છે.

290 Coal, metals, salts sulphur and minerals are obtained from mines કોલસા, ધાતુઓ, ક્ષારો, ગંધક, વિગેરે ખાણમાથી મળે છે.

291 We get kerosene oil from underground wells. કેરોસીન તેલ કુવામાથી મળી આવે છે

292 I prefer electric lights મને વિજળીના દીવા વધારે પસંદ છે.

293 I prefer the latter because I think it is more powerful. વિજળીના દીવા વધારે પસંદ પડે છે કારણકે તે વધારે તેજસ્વી છે.

294 We used castor or cocoanut oils. હમે દીવેલ કે કોપરેલ વાપરતા હતા.

295 We got it working only three months back. ત્રણ મહિના પહેલાજ આવી.

296 It is charged at 8 annas per unit consumed. એક યુનીટ વાપરવા માટે આઠ આનાનો દર છે.

297 Certainly, it is too high a charge ખરેજ એ મ્હ્ગુ છે.

298 Oil lights are believed to be cheaper than electric lights તેલના દીવા વીજળીના દીવા કરતા સસ્તા
મનાય છે

Exercise XXI

299 The post office is situated by the main road
ટપાલ ઓફીસ સડકપર આવી છે

300 You should go straight on from this place.
તમારે આ રસ્તે સીધા જવુ.

301 The telegraph office is a little distant from that place તાર ઓફીસ ત્યાથી મ્હેજ દૂર છે

302 I want a few forms to fill in for money orders and register parcels and value payable articles મારે થોડા મનીઓરડરના, રજીસ્ટર પારસલ, તથા
તથા વી પી ના ફારમો જોઇએ છીએ.

303 Yes sir. I am a merchant હા સાહેબ હુ વેપારી છુ.

304 Yes, wait a while હા, જરા થોભો

305 Very well Hand me the cash ચાલો મને પૈસા
આપો.

306 The rate of commission is 2 annas દર બે
આના બેસશે

307 No; you are late, we close at 4 o'clock ના,
તમે મોડા થયા છો ચાર વાગે બંધ થાય છે.

308 The charge for the first 12 words is 12 annas

and then an anna for each extra word ૧૨ શબ્દના ૧૨ આના, અને પછી દરેક શબ્દનો એક આનો બેસશે

309 A foreign post card costs 2 as પરદેશ મોકલવાના પોસ્ટ કાર્ડના બે આના બેસશે

310 I want to remit Rs. 500 હુ ૫૦૦) રૂા મોકલવા માગુ છુ.

311 I want it to be remitted to South Africa આ પૈસા હુ દક્ષીણ આફ્રીકા મોકલવા માગુ છુ.

312 I have currency notes as well as cash મારી કને રોકડ અને નોટો બન્ને છે

313 Yes I have small change, give me the rupee. હા. મારી કને પરચુરણ છે મને રૂપીઓ આપો

314 Sir, I want to get a parcel dispatched સાહેબ હું પારસલ મોકલવા માગુ છુ

315 Alright, sir ઠીક સાહેબ

316 Yes Come over this side હા આ બાજુએ આવો

317 Sir, I want to have money deposited સાહેબ હુ પૈસા જમે કરવા માગુ છુ

318 Yes, sir Here it is હા, સાહેબ. આ રહી

319 I want to deposit Rs 100 to my account હું ૧૦૦) રૂા જમે કરવા માગુ છુ

320 Here is my pass book Take it please આ રહી મારી પાસ બુક લો

321 The number of my account is 2789 મારી પાસ બુક નો ન ૨૭૮૯ છે.

322 Yes Come in by that side હા પેલી બાજુએથી આવો.

323 No It is past time ના બહુ વખત થઇ ગયો છે.

324 I was writing a letter and it got late હુ કાગળ લખતો હતો તેથી મોડુ થયુ છે

325 I came yesterday હુ ગઇ કાલે આવ્યો હતો

326 I arrived late yesterday also હુ ગઇકાલે પણ મોડો હતો

327 Yes, sir I have sealed it well હા, સાહેબ મેં બરોબર સીલ કરી છે

328 It is written on the back of the parcel, please turn over પારસલ પાછળ નામ છે, જરા ફેરવો

Exercise XXII.

329 Yes, sir I have seen mangoes હા, સાહેબ મેં કેરી જોઇ છે

330 I have tasted mangoes મે કેરીનો સ્વાદ ચાખ્યો છે

331 I saw one in the Victoria Garden મે વીક્ટોરીઆ બાગમા જોયુ હતુ

332 I saw several kinds of trees there ત્યા મે બીજા કેટલીક જાતના ઝાડો જોયા હતા

333 I saw there cocoanut trees, guava trees, pomegranate trees, plaintain stalks, apple trees, Jambu trees, palm trees and others. ત્યા મેં નાળીએરી, જમરૂખી, દાડમડી, કેળ, સફરચંદના ઝાડ, જાંબુના ઝાડ, તાડના ઝાડ, અને બીજા ઘણા ઝાડો જોયા હતા

334 I saw numerous flowers there ત્યા મે સખ્યાબંધ ફુલો જોયા હતા.

335 Rose, sun flower, violet, daisy, jasmine, chumely, mogra, gulchhadi etc ગુલાબ, સૂર્યમુખી ફુલ, વાયોલેટ, ડેઝી, જસ્માઈન, મોગરા, વીગેરે.

336 My garden is situated by the river side મારી વાડી નદી કીનારે આવેલી છે

37 I rowed twice in a boat. હુ બે વાર હોડીમા બેઠો હતો

38 My boat sailed towards Hajira મારી હોડી હજીરા તરફ હંકારી હતી.

39 Yes I like to sail across the sea મને દરીઆની મુસાફ્રી ગમે છે

40 I found a little giddy at first, but then it seemed very pleasant પહેલા મને જરા ફેર ચક્કર આવ્યા પણ પછી મને ઘણુ ગમ્યુ

41 I sailed in a boat as far as Dumas. મે ડુમસ સુધી હોડીમા મુસાફ્રી કરી હતી

42 Yes I have observed a sunset scene હા. મે સૂર્યાસ્તનો દેખાવ જોયો છે.

343 The sun seems reddish in the evening સાંજે સૂર્ય લાલચોળ થઈ જાય છે

344 The sun looks as large as big-tray એક થાળી જેવડો મોટો સૂર્ય દેખાય છે

345 I watched sunset by the river side મે સૂર્યા ત નદી કીનારે જોયો હતો.

346 No Till now I have not watched it from seashore ના હજુ મે દરીઆ કિનારેથી જોયોજ નથી

Exercise XXIII

347 I am quite well. મારી તબીએત તદન સારી છે

348 My address is -Ramkrishna Buildings, ground floor, Room No 10 Bow bazar street Calcutta મારૂ સરનામુ -રામકૃષ્ણની ચાલ, ભોંય તળીઉ, ઓરડી ન ૧૦, બાઉ બજાર મહોલ્લો, કલકત્તા

349 My grandfather was a draper મારા દાદા કાપડીઆ હતા

350 I shall be a man of business હુ વેપારી થઈશ

351 His line of business is to deal in corn એનો ધધો અનાજ વેચવાનો છે

352 He does not employ any man in his firm now, because the business is slack એની પેઢી મા હાલ કોઈ માણસો રાખતા નથી કારણકે એનો ધધો નરમ ચાલે છે

353 There is no vacancy on the staff of his Company at present, but after a month there is likely to be one, so do make inquiries and apply હાલ એની કું મા જગ્યા નથી પણ એક મહિનો પછી જગ્યા પડવાનો સભવ છે તેથી તમે ખબર કાઢજો અને અરજી કરજો.

354 He is a lawyer તે વકીલ છે

355 Yes I am at your service હા હુ તમને મદદ કરીશ.

356 Yes He is serving at Messrs Pragjee Soorjee's હા એ પ્રાગજી સુરજીને ત્યા નોકરી કરે છે.

Exercise XXIV

357 Weather in Bombay is chilly and moist. મુબઇની હવા શરદી અને ભીનાશ વાળી છે.

358 The climate of Poona is cold in winter, it is ery hot in summer પુણાની આબોહવા શીયાળા મા ઘણી ઠડી હોય છે અને ઉન્હાળામા ગરમ હોય છે.

359 I wish to present him with a ring on the occasion of his wedding હુ એને લગ્ન પ્રસગે વિંટી ભેટ આપવા ઇચ્છુ છું.

360 Yes You can have a talk with me now હા હવે તમે મારી સાથે વાત કરી શકો.

361 I cannot lend you any amount now as I have no money મારી કને પૈસા નથી તેથી હુ કાઇ તમને હાલ ધીરી શકું નહિ.

362 The post is cleared at 6 o'clock in the evening. ટપાલ સાંજે ૭ વાગે નીકળે છે.

363 The next delivery is due at 12 noon બીજી વખત ટપાલ બપોરે ૧૨ વાગે નીકળશે

364 My family stays at Bulsar મારાં, બૈરાં છોકરાં વલસાડ રહે છે.

365 Yes I have a pencil to spare હા, મારી કને એક વધારાની પેન્સીલ છે

266 Certainly I had a very bad attack of headache. ખરેખર મારૂ માથું ઘણું સખત દુખતું હતું

367 No He was stumped out ના, એ સ્ટમ્પ આઉટ થઇ ગયો.

368 He cannot converse in English at all એ બીલકુલ અંગ્રેજીમાં બોલી શકતો નથી

369 Yes Very willingly. હા ઘણી ખુશીથી

370 He knows cycling એને સાઇકલ ચલાવતા આવડે છે.

371 My examination begins on the 15th of March મારી પરીક્ષા ૧૫મી માર્ચે શરૂ થાય છે

372 My birthday is on the 15th of May મારો જન્મ દિવસ ૧૫મી મે ને છે

373 I feel much better now. હવે મને ઘણો આરામ લાગે છે.

Exercise XXV

374 Akbar was born in the year 1541 A D. અકબરનો જન્મ સને ૧૫૪૧મા થયો હતો

375 Akbar ruled very wisely, અકબરે ઘણી ડહાપણ ભરેલી રીતે રાજ્ય કર્યું હતુ.

376 He ruled for nearly 50 years એણે લગભગ ૫૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું.

377 He conquered many cities. એણે ઘણા શહેરો જીત્યા.

378 Yes, sir He introduced many reforms એણે ઘણા સુધારા કર્યાં હતા.

379 Shershah also carried out many reforms શેરશાહે પણ ઘણા સુધારા કર્યાં હતા.

380 Akbar's deeds of reform are better. અકબરના સુધારા સારા કહેવાય છે

381 He died in the year 1605 A D એ ૧૬૦૫મા ગુજરી ગયો.

382 He breathed his last in 1605 A D એ ૧૬૦૫ મા મરણ પામ્યો

383 Jehangir succeeded Akbar as Emepror અકબર પછી જહાંગીર ગાદીએ આવ્યો.

384 The important works of Shahjehan were – (1) The construction of canals and (2) The erection of the Tajmahal, શાહજાનના અગત્યના કામો (૧) નહેરા બનાવી તે અને (૨) તાજમહાલ બંધાવ્યો તે.

385 The Taj mahal is in Agra તાજમહાલ આગ્રામા છે.

386 The English came to India to trade with this country. અંગ્રેજ લોકો આ દેશના લોકો સાથે વેપાર કરવા આવ્યા હતા.

387 The Dutch and the French had come here before they arrived તે લોકો પહેલા સ્પેનના લોકો તથા ફ્રેંચ લોકો આવ્યા હતા

388 The English came here first when Akbar was rulling overIndia જ્યારે અકબર હિંદુસ્તાનમા રાજ્ય કરતો હતો ત્યારે અગ્રેજ લોકો અહિં આવ્યા હતા

389 They landed at Surat first તેઓ પહેલા સુરત ઉતર્યા હતા

390 The first Englishman was Sir Thomas Roe સૌથી પ્રથમ અંગ્રેજ પુરૂષ સર થોમસ રો આવ્યા

391 The French, the Danes, the Portugues, the Germans and the Dutch all came here at different times ફ્રેંચલોકો, ડેન્સલોકો, પોર્ટુગીઝ, જર્મન અને ડચલોકો અહિં જુદે જુદે વખતે આવ્યા હતા

392 They came for trading with this land. આ દેશ સાથે તેઓ વેપાર કરવા અર્થે આવ્યા હતા

393 The English became the masters of India during the reign of Queen Victoria રાણી વીક્ટોરીઆના રાજ્યમા અંગ્રેજલોકો હિંદુસ્થાનના માલીક થયા.

Exercise XXVI

394 Cotton, gold, silver, and many other metals, corn of several kinds, and almost all necessaries are found in India રૂ, સોનુ, રૂપુ, અને બધી જાતની ધાતુઓ, બધી જાતનુ અનાજ અને સઘળી જરૂરીઆતો હિંદુસ્તાનમા મળી આવે છે

395 Gold is found in Mysore મૈસુરમા સોનુ નીકળે છે

396 The best cotton grows in central Gujrat, the Punjab, Khandesh, and Coimbatore ઉત્તમ રૂ મધ્ય ગુજરાત, પજાબ, ખાનદેશ, અને કોઇમ્બટોરમા પાકે છે

397 The English particularly traded in spices with India અંગ્રેજલોકોએ ખાસ કરીને હિંદુસ્તાનના લોકો સાથે તેજાનાનો વેપાર કર્યો હતો.

398 Spices are imported from Ceylon and grow on some Indian mountains તેજાનો સીલોન (લંકા) માથી મળી આવે છે અને અહિં કેટલાક પર્વતોપર થાય છે

399 Native princes (or chiefs) rule over the great part of Kathiawar કાઠીયાવાડના મોટા ભાગમા દેશી રાજાઓ રાજ્ય કરે છે

400 There are native states in Gujrat, the Punjab, Rajputana etc. ગુજરાત, પજાબ અને રજપુતાનામા દેશી રાજ્યો છે

401 Kashmere is a very beautiful place and is called the 'Garden of India' કાશમીર એક ઘણી સુંદર જગ્યા છે અને તે 'હિંદુસ્થાનની વાડી' કહેવાય છે.

Exercise XXVII

402 No sir I never tell a lie ના સાહેબ હુ કદી જુઠુ બોલતો નથી

403 It is the duty of every one to tell the truth. સાચુ બોલવુ એ દરેક મનુષ્યની ફરજ છે

404 We obey our parents અમે અમારા મા બાપનું કહ્યુ માનીએ છીએ.

405 All boys love their parents બધા છોકરાઓ તેમના મા બાપને ચાહે છે

406 Beasts also love their mother જાનવરો પણ તેમની માને ચાહે છે

407 God is the Father of the world પરમેશ્વર દુનીઆનો પિતા છે

408 We ought to love Him reverently આપણે એને માનથી ચહાવો જોઇએ

409 We can show our love to Him by loving His creatures, our fellowmen and beasts આપણે આપણો પ્રેમ એની પ્રત્યે એમના પ્રાણિઓને તથા આપણા જાત ભાઇઓને તથા પશુઓને ચાહીને બતાવી શકીએ

410 I daily pray to God and obey His commandments હુ રોજ પરમેશ્વરની પ્રાર્થના કરૂ છુ અને તેની આજ્ઞાઓ પાળુ છુ

APPENDIX A

SOME IMPORTANT RULES

કેટલાક અગત્યના નિયમો

તા ક નીચેના નિયમો ઘણા ટુકમા લખવામા આવ્યા છે. અપવાદો મળી આવવાનો સભવ રહે છે

૧ વર્તમાન કાળમા ત્રીજા પુરૂષ એકવચનને s અથવા es પ્રત્યય મૂળ ક્રિયાપદને લાગે છે, અને બીજા પુરૂષને st અથવા est પ્રત્યય મૂળ ક્રિયાપદને લાગે છે e g. He speaks, Thou speakest

૨ સાધારણ ભૂતકાળ મૂળ ક્રિયાપદને ed પ્રત્યય લગાડવાથી બને છે છતા પણ ઘણા અપવાદો મળી આવે છે e g. To live–lived, To go–went, To speak–spoke

૩ ચાલુ વર્તમાનકાળ બનાવવાને To be ના વર્તમાનકાળના રૂપ વાપરવા અને પછી જે ક્રિયાપદ મુકવાનો હોય તેને ing પ્રત્યય લગાડી મુકવો e g I am going હુ જાઉ છુ

૪ ચાલુ ભૂતકાળ બનાવવાને To beનુ ભૂતકાળનુ રૂપ મુકવુ અને પછી જે ક્રિયાપદ મુકવો હોય તેને ing પ્રત્યય લગાડી મુકવો e g They were eating તેઓ ખાતા હતા

૫ મૂળ ક્રિયાપદને ing પ્રત્યય લગાડવાથી વર્તમાન કૃદત બને છે, જેને અગ્રેજીમા Present participle કહે છે e. g. To go–going

૬ મૂળ ક્રિયાપદને સાધારણ રીતે ed or en પ્રત્યય લગાડવાથી ભૂતકૃદત Past participle બને છે To live–lived. To give–given

૭ સરખામણી બતાવવાને વિશેષણને er પ્રત્યય લગાડવામા આવે છે અને શ્રેષ્ટતા અથવા અધમતા બતાવવાને est પ્રત્યય લગાડવામા આવે છે wise, wiser, wisest

૮ જો શબ્દનો ઉચ્ચાર સ્વરથી શરૂ થતો હોય તો an આર્ટીકલ શબ્દની પૂર્વે મુકવો e g an ox, an hour

૯ જો શબ્દનો ઉચ્ચાર વ્યંજનથી શરૂ થતો હોય તો શબ્દની પૂર્વે a આર્ટીકલ મુકવો e g a european, a bufallo.

૧૦ ચોક્કસપણુ બતાવવુ હોય તો શબ્દની પૂર્વે the આર્ટીકલ મુકવો e g The boy (એટલે અમુક ચોક્કસ છોકરો)

૧૧ અંગ્રેજીમા સ્વર નીચે પ્રમાણે છે—a, e, i, o, u

૧૨ શબ્દની છેડે સ્વર હોય તો નામનુ બહુવચન કરતા es પ્રત્યય લગાડવો પણ e હોય તો s લગાડવો e g Buffalo–buffaloes, Pie–pies

૧૩ તેનીજ રીતે ક્રિયાપદને છેડે e આવ્યો હોય તો ત્રીજા પુરૂષ એકવચન વર્તમાનકાળમા s પ્રત્યય લગાડવો અને બીજો કોઇ સ્વર હોય તો es પ્રત્યય લગાડવો To see–he sees To go–he goes

૧૪ પૂર્ણ વર્તમાનકાળ બતાવવો હોય તો to haveના રૂપ સાથે ભૂતકૃદતનુ રૂપ વાપરવુ e g The man has taken an umbrella They have sat down

૧૫ પૂર્ણભૂતકાળ બતાવવો હોય તો hadની સાથે ભૂતકૃદતનુ રૂપ વાપરવુ e g The boy had gone to school

૧૬ સહ્યભેદ (Passive Voice) બનાવવો હોય તો કર્મને કર્તા બનાવવો અને ક્રિયાપદમા to be ના રૂપ સાથે ભૂતકૃદતનુ રૂપ વાપરવુ e g (1) The boy lost his book (Active voice મૂળ ભેદ) The book was lost by the boy.

(Passive Voice-સહ્ય ભેદ.) (2) The king has killed a tiger (Active voice) The tiger has been killed by the king (Passive Voice)

૧૭ સહાય કારક ક્રિયાપદ તરીકે do અથવા did વાપર્યું હોય તો તેની પછીનુ ક્રિયાપદ સામાન્યરૂપમાજ હોઇ શકે, એ ભુતકાળ કદીપણ એવી રીતે સાથે આવી શકે નહિ (1) I do not go home, (2) I did not go home

૧૮ પ્રેરક ભેદ (Caus-al) બનાવવુ હોય તો to get, to let, to make, to cause વાપરવા અને તેની પછી જે ક્રિયાપદ મુકવાનુ હોય તેનુ સામાન્ય કૃદત મુકવુ પરતુ causative form મા to make and to let પછી સામાન્ય કૃદતનુ to અધ્યાહાર રહે છે મે એને લખાવ્યુ I made him write I got him write વિગેરે

૧૯ કોઇવાર વિશેષણ (adjective) ને ly લગાડવાથી ક્રિયાવિશેષણ અવ્યય (adverb) બને છે e g. Bad-badly; dangerous, dangerously

૨૦ કોઇવાર નામને ly લગાડવાથી સાધારણ રીતે adjective (વિશેષણ) બને છે e g Man-manly, ish લગાડવાથી પણ વિશેષણ બને છે child-childish, ous, ant, ent, ial, ate etc, લગાડવાથી પણ વિશેષણ બને છે danger-dangerous.

૨૧ અગ્રેજીમા અકર્મક ક્રિયાપદ જેવા કે to say, to speak ની પછી કર્મ મુકવું હોય tl to વાપરીને કર્મ મુકી શકાય; જેમકે I said to him=મેં તેને કહ્યુ I sopke to him=મેં

APPENDIX B
VOCABULARY

Art=હુન્નર, કળા
Active=ચપળ
Accept, to=સ્વીકારવુ
Attend, to=હાજરી આપવી
Accompany, to=સાથે જવુ
Autumn=પાનખર ઋતુ
Amount=રકમ
Average=સરેરાસ.
Article=વસ્તુ, લેખ
Attack=હુમલો
Arrest, to=પકડવુ
Advantage=લાભ
Address=સરનામુ.
B A=Bachelor of Arts
Bachelor=કુંવારો
Beneficial=હિતકર
Business=વેપાર.
Bankrupt=દેવાળીઓ
Broker=દલાલ
Blank=કોરા
Breathe last, to=મરણ પામવુ
Couple=બે
Continue=ચાલુ હોવું
Costly=કીમતી
Consumed=વપરાયલુ.
Currency=ચલણી
Construction=રચના.
Conquer, to=જીતવુ
Charming=સુંદર
Commandment=આજ્ઞા.
Character=વર્ણુક
Customer=ગ્રાહક.
Creed=ધર્મ, પંથ
Coaling Station=કોલસા લેવાની જગ્યા
Chill=ઠંડી
Direction=દીશા
Destination=ચોક્કસ સ્થળ.
Definite=ચોક્કસ
Department=ખાતુ
Declare, to=જાહેર કરવુ.
Dispensary=દવાખાનુ
Dangerous=ભયંકર

Dispatch, to=મોકલવુ.
Delivery=વહેંચાણ.
Decision=નિર્ણય.
Donor=દાતાર
Era=સંવત, સને
Expert=હોશીયાર, બાહોશ.
Extra=વધારો, બહારના
Extravagant=ઉડાઉ
Economical=કરકસરવાળું.
Future=વાયદો
Firm=પેઢી
Foreign=પરદેશી
Flute=વાસળી
Facility=સુખચેન, સવડ.
Female=સ્ત્રી
Fare=ભાડુ
Fellow-men=જાત ભાઇઓ.
Giddy=ફેર ચક્કર વાળુ.
Headquarter=મુકામ
Hand over, to=સોંપીદેવુ.
Honesty=પ્રમાણીકપણું.
Instruction=શીખણ.
Intend=ઇરાદો રાખવો.
Increment=વધારો.
Insolvent=દેવાળીઓ
Important=અગત્ય
Indigenous=અસલી
Introduce, to=દાખલ કરવું.
Innumerable=અસંખ્ય.
Inquiry=ખબર, તપાસ
Irrespective=ભેદ વિના.
Issue, to=બહાર પાડવુ.
Journey=મુસાફરી
Lightening=વિજળી.
Lawyer=વકીલ
Land, to=ઉતરવુ,
Leader=નેતા
Labourer=મજૂર
Lodging=રહેવા કરવાની જગા.
Moderate=સાધારણ
Miss, to=ચૂકી જવુ.
Mint=ટંકશાળ.
Mineral=ખનીજ પદાર્થ.
Moist=ભીનાસ.
Movement=ચળવળ.
Magazine=ચોપાનીયું.
Manage, to=કામ ચલાવવું.

Native place=જન્મભૂમિ
Numerous=સંખ્યાબંધ
Opposite=સામે
Opinion=અભિપ્રાય, મત
Offer, to=આપવું
Occasion=પ્રસંગ
peculiar=ખાસ
Pleasant=આનંદદાયક
Pilgrimage=જાત્રા
Put up, to=મુકામ હોવો
Partner=ભાગીઓ
Pnuemonia=ત્રિદોષ
Prefer, to=પસંદ કરવું
Pomegranate=દાડમ
Particularly=ખાસ કરીને
painting=ચિત્રકામ
Political=રાજ્યદ્વારી
Penalty=શીક્ષા
Policy=નીતિ
Patron=મુરબ્બી
Profession=ધંધો
Physician=વૈદ્ય
Qualification=યોગ્યતા
Quack=ઊંટવૈદુ, ઢાળોંગ
Remainder=શેષ, બાકી.
Regular=નિયમીત
Recommend, to=ભલામણ કરવી
Route=રસ્તો
Reverently=માનભરેલી રીતે
Shelter=આરામ
Shower=ઝાપટું
System=પદ્ધતિ
Special=ખાસ
Salary=પગાર
Suitable=યોગ્ય
Scale=ધોરણ.
Speculate, to=સટ્ટો કરવો
Stage=સ્થીતિ
Symptom=ચિન્હ
Slack=નરમ, મંદ
Spices=તેજાનો
Sentence, to=સજા કરવી
Spectacles=ચશ્મા
Show=તમાશો, ખેલ
Subscribe, to=લવાજમ ભરવું
Thunder=ગર્જના
Thrive, to=ચડતી હોવી
Testimonial=પ્રમાણપત્ર
Usually=સાધારણ રીતે
University=વિશ્વ વિદ્યાલય
Verdant=લીલોતરીવાળી
Vacancy=ખાલી જગ્યા
Wedding=લગ્ન
Willingly=ખુશીથી
Whistle=સીસોટી
Zinc=જસત

KALAMAYA PRINTING

KALAMAYA

PRINTING



KALAMAYA PRINTING